હીરાની વીતી.

યાને

ત્રણ બઈરીઓએ પોતાના ધણીને કરેલો રકાસ.

રચનાર

જીજીભાઈ બ. કાપડયા માસતર.

તે

પરશીઅન નેલસ, બાપા સાહેબ, પાક નાર પાકુદન, અમીરઅચ્ચો, ગોરાને લાકડીએ અવાજ હોય કે? પેરેબોલુપંચી, રમુજ સંગ્રહ, એ તે બેરી, વગેરે બીજાં ઘણાંક અંગ્રેજી તથા ગુજરાતી શાળોપયોગી પુસ્તકો લખનાર.

ANGLO-PERSIAN PRESS.

1893.

કીંમત ૮ આના.

હીરાની વીતી.

યાને

ત્રણ બઈરીઓએ પોતાના ધણીનો કરેલો રકાસ.

રચનાર

જીજીભાઈ ખ. કાપડયા માસતર.

તે

પરશીઅન તેલ્સ, બાહ્ય સાહેબ, પાકનાર યાહુદન, અમીરબચ્ચો, ખોદાઈ લાકડીને અવાજ હોય કે? પેટઓલુપંચી, રમુજ સંગ્રહ, એ તે બૈરી, વગેરે બીજાં ઘણાંક અંગ્રેજી તથા ગુજરાતી શાળોપયોગી પુસ્તકો લખનાર.



ANGLO-PERSIAN PRESS.

1893.

કીંમત ૮ આણા.

૫૩૯૯

હીરાની વીંટી

યાને

પાજી વરને હાથ કરવાની બાજી.

પ્રકરણ ૧ લું.

હીંદુસ્થાનના પશ્ચીમ કીનારા ઉપર આવેલાં ફીરંગીઓનાં પ્રખ્યાત ગોઆ શેહેરમાં કેટલાંક વરશની વાત ઉપર એક ઉંચા કુળની ત્રણ ખુબશુરત બેહેનો રહેતી હતી. તેઓ ત્રણે પરણેલી હતી, અને અક્કળમાં તો બીજી ઓરતો માટે ગોયા ત્રણ નમુના હતા.

તેઓ માંહેલી એકનો વર કોઇ યાહુદી વેપારીનો શરાફ હતો, અને તે પોતાનાં કામમાં એટલો તો રોકાયલો રહેતો હતો કે તેને બપારે કે સાંજરે પોતાનાં ઘરે જઇ જમવાને ખાતર પણ નવરાશ મલતી ન હતી. આખાં અઠવાડયામાં ફક્ત એક રવીવારના દીવસ શીવાય તેને બીજે કોઇ દહાડે ફુરસદ મલતી ન હતી.

બીજીનો વર એક ચીતારો હતો જે પોતાની પીંછીની સફાઇને લીધે ઘણો પ્રખ્યાત થઇ ગયો હતો. તેને આપણી વાતની શરૂઆત વખતે શેહેરનું એક મોટું દેવલ રંગવાનુ કામ મલ્યુ હતું. છુટક કામ મલવાને લીધે તેમજ પોતાનો ઘરનો ધંધો હોવાને લીધે તેને ઉપલા કરતાં વધારે ફુરસદ મલતી હતી.

ત્રીજી બેહેનનો વર કોઇ મોટો વેહેમી હતો, જેથી તેણીને બહુ સંતાપ લાગતો હતો. તેણી પોતાના દહાડા બળાપામાં ગુજારતી હતી. બે ત્રણ ઘરની સારી આવક ઉપર તેણીનો વર વગર ઉદ્યમે પોતાનો વખત ગુજારતો હતો.

હવે ઉપલી ત્રણે બેહેનો વચ્ચે સારો એખલાસ હતો, અને તેજ લીધે તેમના વરોને પણ એક બીજાના ખરા દોસ્તો હોય એવો દેખાવ કરવાની ફરજ પડી હતી, જો કે એ દોસ્તીમા પેલો વેહેમી ભરથાર ભારી આણાકાણીથી સામીલ થયો હતો. તેણે પોતાની બૈરીને કોઇને તાંહાં પણ એકલી જવાની સખત મના કીધી હતી; તેથી જ્યારે તેણી પોતાની બેહેનોને મલવા જતી ત્યારે તે પણ હંમેશ તેણીની સાથ જતો હતો.

તે ત્રણે બાનુઓ એક સપરમે દહાડે પેલા વેહેમી ભરથારના ઘરમાં એકઠી થઇ હતી. આખો દહાડો તેની બૈરીએ પોતાની બેહેનોની પરોણાગત કરવામાં તથા તેમની આગળ પોતાની ઉપરના દુખની અને જુલમની કાહાણી કરવામાં ગુજારયા પછી તેઓ સાંજના દરીએ કીનારે ફરવા ગયાં, જ્યારે તેમના ધણીઓ નજદીકમાંજ નવ ખુંટીની રમત રમવામાં રોકાયા. બેહેનો કીનારે ફરતી હતી ત્યારે પેલા વેહેમી ભરથારવાલી બૈરીની નજર એક પાણીના ખબોચીઆ ઉપર પડી કે જેમાંની એક ચળકતી ચીજ તરફ તેણીએ પોતાની બેહેનોનું ધ્યાન ખેંચ્યું. તે બહાર કાઢી ત્યારે તેઓ જોય શું કે તે એક કીંમતી હીરાની વીતી હતી.

વીતી જોતાંજ બેહેનો વચ્ચે કજીઓ ઉત્પન થયો. એક કહે તેણીએ તે વીતી પેહેલાં જોઈ હતી, જેથી તે તેણીને ઘટે, જ્યારે બીજી કહે કે તેણીએ પેહેલું જાહેર કીધું હતું કે તે એક કીંમતી હીરાની વીતી હતી તેથી તે ઉપર તેણીનો હક લાગુ પડયો, તેમજ ત્રીજી બોલી કે તેણીએ તે પેહેલી ઉંચકી હતી માટે તે તેણીની કહેવાઇ. એ રવેશનો તેમના વચ્ચે વાંધો ઉઠયો.

તેમની પંચાતની ખબર તેમના ધણીઓની જાણમાં આવતે અને તેમના વચ્ચે મોટો ઝગડો ઉઠતે, પણ એટલામાં પેલા ચીતારાની બૈરીએ ડહાપણ વાપરયું અને કહયું કે તકરાર કરવામાં કાંઇ ફાયદો નથી, કારણ તેથી આપણા ધણીઓને ખબર પડશે તો તેઓ નાહક મારામારી ઉપર આવી જશે, વાસ્તે સારો અને સેહેલો ઉપાય એજ છે કે પેલી તરફથી આપણા શેહેરનો લખોપતી ફરનો ફરતો અતરે આવે છે તે પાસ આપણો ઇનસાફ કરાવીએ. બીજી બેહેનોને આ વાત પસંદ પડયાથી તેઓએ તે લખોપતી આગળ સઘળી હકીકત જણાવી વીતી તેના હાથમાં મુકી.

હવે, આ માતબર ધણો હસમુખો હતો તેથી તે બોલ્યો, 'સુંદર બાનુઓ, તમોએ જ્યારે મારા ઊપર એકીન રાખી મારા પાસ ઇનસાફ માગગો છે ત્યારે મારે તમને કહેવું જોઇએ કે ઇનસાફ વાસ્તે મને મળેલો વખત પુરતો કહેવાય નહી જેથી તમારો ઇનસાફ બરાબર થઇ શકે નહી, તો પણ આ વીતી હાલ તરત તો હું મારી પાસ રાખું છું અને તુરતના નીવેડા તરીકે હું તમને એવું ફરમાવું છું કે તમારામાંથી જે કોઇ આજથી ૬ અઠવાડયાંની અંદર તમારા

ધણીની નીરદોષ ઠેકરી કરવાંમા સરસ નીકળશે તેને આ વીતી મળશે. પણ તે ઠેકરી કરતી વેળા તેના મરતબા ઉપર તમારે ધ્યાન આપવું પડશે.' આ સરત સરવે બેહેનોએ કબુલ રાખી અને સાંજનો વખત થયાથી સધળાંઓ પોતપોતાને ઘરે ગયાં.

પેહેલી વારી પેલા શરાફની બૈરીની આવી જેણીએ પોતાના ધણીની સુખશાંતીનો જેમ બને તેમ અત્યંત ભંગ કરવાને પોતાની ચતુરાઇ ભરેલી હીકમત હેઠળ મુજબ ચલાવી :—

પેહેલાં તેણીએ પોતાનાં ઘરની પડોસમાં રહેતા એક ટપકા જોનાર તથા લોકોનું ભવીષ કહેનાર જોશીને પોતાની નજદીક બોલાવ્યો. તે બહુ કાબેલ નજુમી હતો, અને લોકોમાં ઘણોજ પંકાયલો હતો. તે પડોસીને તેણીના ઘર સાથ ઘણું સારૂં હતું, માટે તેણીનો કોઇ પણ સખુન તે તરત માથે ચઢાવતો હતો. તેણીએ તેને પોતાની મતલબથી જાણીતો કીધો અને કહ્યું કે 'અએ નજુમી, મારી એવી મતલબ છે કે મારા વરનાં મન ઉપર તમારે એવું ઠસાવવું કે-૨૪ કલાકની અંદર તે મરણ પામશે, અને કે તેટલા માટે આ દુન્યામાંથી અસબાબ ઊઠાવી જવા-

ને સઘળી રીતની તઇયારી કરી પોતાનાં લેણુદેણુનો બંદોબસ્ત કરવો.'

તેમ કરવાની તેણીની શી મતલબ હતી તેનો ખુલાસો પુછ્યા વગર નજુમીએ તેણીને પોતાથી બનતી સઘળી મદદ આપવાને વચન આપ્યો, એટલે તેણી પોતાનાં સઘળાં સગાં વહાલાંને તે વાતની ખબર કરવા ગઈ અને તેમને પોતાને ઘર બારવણે તેહેવારનો દીવસ મજાહમાં ગુજારવા આવવાને ઈજન કરી આવી.

ઠરાવ મુજબ સાંજના પેલો નજુમી તેણીના વરને તેનાં ઘર આગળ જાણે ઓચીંતો મીલાપ થયો હોય તેમ મળ્યો, અને તેને ઘરમાં જતો અટકાવી બોલ્યો, 'એ કોણ મારા વ્હાલા મીત્ર મોરેના, તમે છો કે? અરે તમારા આ શા હાલ! અરે તમે કેવા ફેરવાઇ ગયા છો! અરે આ તમારો દેખાવ શું? કેવો ફીકકો ચેહેરો! અને કેવો કાહેલી! એ કેમ થયુ?'

'આખો દીવસ પૈસા ગણતાં મારા એવા હાલ થયા હોય તો કોણ જાણે!' મોરેના શરાફ બોલ્યો. 'મારૂં કામ ઘણું કઠોડું છે, છેક સવારથી તે સમી સાંજ સુધી બસ કાંઇજ નહી પણ પૈસા ગણવાનું ને ગણવાનુ.'

'બરાબર છે તેથીજ તમારા હાલ ગલાઇ ગયા છે, વારૂં પણ તમારી નાડ તો જોઉં, મને તમારો ચેહેરો જાણે તમે મરી ગયા હોય એવો દેખાય છે. અફસોસ! મારા વહાલા દોસ્ત, તમારા લીધે મને કેવો સંતાપ લાગેચ! રે ખોદા આ કેવો ગજબ!'

શરાફના ગભરાતનો હવે પાર ન રહગ્યો. તેણે પોતાનો હાથ લંબાઠ્યો અને જોશી સાહેબ ગમગીન ચેહેરો કરી ડોકું ઢુણાવતા બોલ્યા, 'મારા વહાલા પડોશી ભાઈ, આકાશી ગ્રહો સાથની મારી ઓળખાણ, હાલ જે ધાસ્તીમાં તમે આવી પડયો છો તે માટેની તમને ફકઠ ચેતવણી આપવાને કામની થાય તો તે ઉપર ખરચેલા વખત અને મેહેનતની હું દરકાર કરૂં નહીં. મારૂં મેલવેલું જ્ઞાન તમો જેવા દોસ્તને કામ લાગે એવું હું ઇચ્છું છું, કારણ જે આફત તમારાં માથાં ઊપર ભમે છે તેની ધાસ્તીથી હું તમને સાવચેત નહી રાખુ તો પછી હું દોસ્ત શું કામનો? એક અતલગના દોસ્ત તરીકે મારી પેહેલી ફરજ છે કે તમારાં સંકટની વેળાએ તમારી નજદીક રહી તમને સારી સલાહ આપવી. માનજો દોસ્ત, કે તમારો આજનો થોડો વખત બાકી છે, વાસ્તે

જે કાંઇ કરવું હોય તે કરી લો, તમારૂં માંગતું લેહેણું, તથા કરજ બરજ જે કાંઇ હોય તેનું નક્કી કરી નાખો, અને તમારા રૂહને કરાર મલે તેમ કરો, કારણ જે વખત જાયચ તેમાં તમારી અજળ આવી લાગે એવું છે. અફસોસ, મારા વહાલા દોસ્ત! કેવું કવખતે તમારૂં મોત નીપજવાનુ તે તમારા સેતારાની ચાલ ઉપરથી ખુલ્લું જણાઇ આવે છે! તમારા ગ્રહ પાધરા નથી અને તેમનું ફરવું એટલું તો ધીમું થઇ ગયું છે કે થોડામાં થોડૂં જે વખત જાય છે તેમાં એ ધીમી ચાલ પણ અટકી પડવાની. તમને જણાવવાની મારી ફરજ છે કે આવતી કાલે આજ ઘડીએ તમો મરણ પામશો અને તમે બેહેસ્ત નશીન થશો, તેથી જે કાંઇ કરવું હોય તે કરી લેવો કે તમારા રૂહને કરાર મલે. અરે દોસ્ત, આ નાખુશ ખબર આપતાં મને કેવું દુખ લાગે છે તે મારો ખોદા જાણેચ, અને મારા અતલગના શીવાય બીજા કોઇને એવી નાખુશ આગાહી હું આપું નહી.

અડધો ગભરાયલો અને અડધો મશકેરીમાં તેનો શોબતી બોલ્યો, તોપણ મારા મીત્ર, જેમ આગળ એક વખતે હવાના બાબમાં તમે આપેલી આગાહી ખોટી પડી હતી તેમ જો તમારી આજની

આગાહીનુ પણ થાય તો હું હીમતથી કહું છું કે હજી બીજાં ઘણાં વરશ જીવવા પામશ.

'ખોદા કરેને તેમ થાય એવી મારી દુવા છે, પણ આટલું યાદ રાખજો, મારા દોસ્ત કે જો તમે આવતી કાલે આ વખતે જીવતા રહયા તો પછી અંમર કાયા ભોગવવાના. મેં તો એક ખરા દોસ્ત તથા ખ્રીસતી તરીકે મારે જે કાંઇ ફરજ બજાવવાની હતી તે બજાવી, હવે બાકીનુ જે કાંઇ કરવું છે તે તમારૂં પોતાનું કામ છે તમે સમજો તો ઠીક, નહી તો જેમ તમારી મરજી પણ એટલું કરજો કે પેલી જીહાનમાં ગયા પછી તમને પસતાવો નહી કરવો પડે, તેની સંભાળ રાખજો અને સરવે પાંતીની તઇયારી કરી મુકજો હું તો મારી ફરજ બજાવી ચુકો છું કે તમે મારા માથે દોશ નહી મુકો કે મેં તમારા મોતના આવી પોંહોચવા બાબે તમને ચેતાવ્યું નહીં એટલું બોલી તે જોશી ત્યાંથી વીજળીની માફક ચાલી ગયો.

ગરીબ શરાફ કેટલીક વાર લગી દંગ થઇ રહ્યો. ત્યાર પછી તેણે પોતાની નાડ તપારી, અને ઘર તરફ ચાલ્યો. આ વેળાએ તેનાં મનની હાલત ઘણીજ કઢંગી થઇ પડી હતી. નાડ તપાસતાં તેને જણાયું કે તેની પ્રકૃતીમાં કાંઇ પણ બીગાડા

જેવું હતું નહી, તેથી તે નેહેસ્ત વાણીને ખોટી સમજ્યો. પણ તેથી તેનો ગભરાટ ઓછો થયો નહી. મોહોડું તેણે તાણીતોડી હસ્તુ કીધું અને પોતાની ઠેકરી કરવાનો જે કોશેસ કરવામાં આવી હતી તેને હસી કાઢતો ઘરમાં દાખલ થયો. તે પોતાની બૈરી આગળ તે બાબત એક બોલ પણ બોલ્યો નહી, કે રખેને તેથી તેણીને દુખ લાગે, પણ રાબેતા મુજબ પોતાનું ભોજન માંગ્યું, જે તેણીએ નાખરતોબ આપ્યું, કારણ તે જમીને શું કરશે તેથી તેણી અનજાણ ન હતી તેમજ પોતે રચેલી યુકતીને કેવી રીતે રસ ઉત્પન કરે એવી કરવી તે બાબે તેણી બરાબર તોર ગોઠવી ચુકી હતી.

ખરૂં જોતાં મોરેનાને ભુખ લાગી નહી, તેથી સેહેજસાજ જમી લઇને તેણે સુવા જવાની ઇચ્છા દેખાડી. તેની ઉદાસી જોઇને તેણીએ તેનો સબબ પુછયો જ્યારે તે બોલ્યો, 'આજે મને મારા શેઠ સાથ કાંઇ બોલાચાલી થઇ છે, તેથી હું ઉદાશ છું વાસ્તે તમારે કાંઇ ફીકર કરવી નહી.'

તેણીએ તરત જોઇ લીધું કે તે ઉંઘાવાની તજવીજ કરતો હતો પણ તેને ઉંઘ આવતી ન હતી. તેનું આંગ સેહેજ ગરમ થયલું હતું અને

તે અત્યંત બેકરાર હતો જેથી બિછાણા ઉપર આમથી તેમ કોર મરડયા કરતો હતો. તેને એવું કરતાં જોઇ તેની ધાટકી બૈરી પોતાની કોશેસ ફતેહમંદ નીવડતી જોઇ મનમાં ઘણી મળકાતી હતી. તે રાખેતા કરેતાં સકારે ઉઠયો અને માંદો દેખાયો; પણ પોતાનાં કામ ઉપર જઇને તે દહાડે પોતાના શેઠને તાંહાંજ જમ્યો; કારણ કે જમવા આવવાની પણ તેનામાં તાકાટ રહી ન હતી.

સાંજરે ઘર પાછો ફરતાં તેને પેલો પાદરી મળ્યો. તે પાદરી સાથ કેટલાક જોગીઓ અને બીજા શખસો હતા, જે સઘળાઓને પેલીના એક ચીતારા બનેવીએ પોતાનો ભાગ કેવી રીતે ભજવો તે બાબે આગમચથી શીખવી રાખ્યું હતું, જેથી પાસેથી ચાલી જતાં જાણે કે તેઓએ તેને દીઠો ન હોય તેમ તેઓએ વાત ચલાવી—'બીચારા લ્યુકા મોરેનાનાં ઓચીંતાં મરણની કેવી નાખુશ ખબર!'

'અને તે દુઃખદાયક એટલા માટે કે તેના મુરદાં ઉપર ધરમના સંસ્કાર અથવાં કાંઇબી ખ્રીસ્તી કીયા થઇ નથી,' એક બીજો જોગી બોલ્યો. 'આજ સવારે તે પોતાનાં બીછાણે મુવેલો માલુમ પડયો, અને બીચારી તેની બૈરીએ એક

લો વીલાપ કરયો કે તેણીબી તેનાં સાથ મરણ પામે એવી થઇ રહી છે.'

'પણ વધારે ખરાબ તો આથી કહેવાય કે તેને એ બાબે એક હુશીયાર જોશીએ ચેતાવ્યો હતો અને તે આગાહી માટે તેનો ઉપકાર માનવાને બદલે ઉલટી તેણે તેની હસી કીધી,' ચોથો બોલ્યો, 'તો પણ તેના દાખલાથી હવે તેના જેવાં બીજાં નાસ્તીક અથવા બેઇમાની લોકોને ઘડો મલશે. 'ખોદા તેના ઉપર દયા કરે તો સારૂ!' એક ગોકો બોલ્યો, 'કારણ કે તેની હાલત ઘણીજ દયા ઉપજાવા જોગ છે.'

'ખરેખર બીચારો એક હેવાનનાં મોતે મુવો છે,' પાંચમો બોલ્યો.

'ખરૂં, પણ તેની વીધવાને તો સઘ કશામાં આજ કાલ તો લાભ થયો છે, જો કે તે દોલત ખોટી રીતે તેણીને મલી છે, તો પણ તે તેણીને બીજાં લગન ઉપર કામ લાગશે, અને કદાચ એમબી બને કે તે બધી દોલત કોઇ સારા પ્રમાણીક માણસના હાથમાં જશે. પણ અહીં તો થંડો ઘણો પડે છે વાસ્તે બેહેતર કે આપણે ઘરે જઇએ; વળી તે વ્યાજનો ધંધો કરનાર કંગાળ જીવડા વીશે વધારે બોલવામાં ફાયદા જેવું શું છે?

તે તો હવે દોજખમાં પોતાનાં કરતુકની શીક્ષા જોય છે.'

તેમની વાતચીતનો એકે એક બોલ લ્યુકાના કાન ઉપર પડયો જેથી તે જાણે જાદુઈ અસર થઈ હોય તેમ ત્યાંનો ત્યાંજ ડંગ થઇ ઉભો. તેનાથી કાંઇ જવાબ આપવાને, યા તો તેઓ કોઇ બરાબર તેના નામના બીજા લ્યુકા મોરેના વીશે વાત કરે છે કે શું તે વીશે ખુલાસો પુછવાને, તદન અશકત બન્યો. વળી તેઓ ત્યાંથી એટલી ઝડપથી ચાલી ગયા કે કાંઇ પુછવાને તેને વખત પણ મળ્યો નહી જેથી તે પોતાનાં કમ તાળે વીશે વિચાર કરતો ઉભો.

ભારી ગુચવાયલાં મન સાથ તેણે ઘર તરફનો રસ્તો લીધો. જ્યારે તે પોતાના મોહોલ્લામાં આવ્યો ત્યારે તેણે પેલા જોશીને પેલા ચીતારા સાથ વાત કરતે દીઠો. તેણે જોશીને બોલતાં સાંભળ્યો કે 'એમાં તદન તે મરનારનો વાંક હતો, મેં તેને આગમચથીજ ચેતાવ્યો હતો કે જો ભાઇ તું તારૂં જે આપવું લેવું હોય તે કરી લે પણ તેણે મારૂં કાંઇ માન્યું નહી. હવે કોણ જાણે તે કેવો પસ્તાતો હશે! એ તો કરે તેવું પામે, અને એવું ઘણા બેઇમાનીઓનું કામ છે.'

'ખોદા તેનો વાંક માફ કરે!' ચીતારો બોલ્યો, 'કારણ, તેને ઇશ્વરી દયાની ગરજ પડતી હશે! હું તેના માટે ચીંતામંદ છું, કારણ કે તે એકલો પડેલો અને ઊડાઉ માણસ હતો. સદા આખો દહાડો રૂપ્યા ગણ્યા કરવા અને વળી ગરમ ભોજન જમવું, તેથી માણસનાં મગજે લોહી ચઢે તેમાં નવાઇ શી? મને તો તેની બીચારી બૈરીની ઘણી કદર લાગેચ, બીજું કાંઇ નહી. તેણે કોઇ દહાડો પોતાની ગરીબ બૈરીને સુખ દેખાડયું નથી.'

હવે તો અંતેરૂં થઇ ગયું. ઘર તરફ જતાં તે બીચારો મનસે બોલ્યો, 'અરે એ સઘળાંની શી મતલબ હશે! હું જીવતો છતાં મારી પાદળ કાઢનાર કોણ? શું કોઇ મને ઠગવા માંગે છે? અથવા કોઇ મારાં નામનું બીજું માણસ મરણ પામ્યું છે કે શું? જ્યાં છે ત્યાં એમજ છે કારણ ખોદાની મેહેરબાનીથી હું તો સારી પડે છું.'

તેનો અવાજ સાંભળતાંજ સઘળાં સાંભળનારાંઓ જાણે તેમની આગળથી ભુટ ચાલી જતો હોય તેમ નાહશભાગ કરવા પડયાં તથા પોતપોતામાં બોલતાં સંભળાયાં કે 'એ તો પેલા પાપી

લડ્કા મોરેનાનો રોજખી ભુટ આ દુન્યામાં ભટક્વા નીકળેગો છે કે કોઇનું હરાંમનું લીધેલું પાછું આપી દે તો તેનો જીવ પેલી જેહાનમાં કરાર પામે. તે પાછો રોજખમાં જાય તો સારૂં કે આપણુ ખ્રીસ્તીઓને હેરાણુ નહી કરે !'

આથી તો મોરેના ઘણોજ ગભરાયો અને ઘરે ગયો. તેનો મીત્ર અને સાહુકુ જીલોસો ઘરમાંથી બહાર આવતો તેને મળ્યો. અને તેને જોઇને જાણે કે ગોંકયો હોય તેમ ઓચંબો પામી તે બોલ્યો, 'સ્વર્ગવાસી જીવડા ! અરે આ હું શું જોતું છું ? શું આ કોઇ ભુટ યા પલીદ છે યા મારો બેહેસ્તી મિત્ર મોરેના છે ?'

'અરે એ તો હું છું, તારો દોસ્ત અને સગો મોરેના. બીહેચ શાનો ?' એટલું બોલતાં તેણે મોરેનાનો જભો પકડયો અને તેને બીજાઓની માફક નાહાશી જતો અટકાવ્યો; પણ પેલાએ તેના હાથમાંથી પોતાનો જભો છોડવવાને ખેંચતાણુ ચલાવી અને કહયું, 'અરે પાપી પલીદ! મને અડક ના. આ રવેશે મારી આગળ કાં ભમતો ફરે છે. તારા છ રૂપ્યા મારા ઉપર નીકળે છે જે તે દહાડે તારી સાથ સરત રમતાં હું હારી ગયો હતો. જો તને જોઇતાજ હોય

તો લે આ જભો અને એ વેચી તારા પૈસા લે, (તેના હાથમાંથી પોતાની ગરદન છોડવીને) સેતાન તારો સાથી થજો. મને દેવ ફરજો સાથ કાંઈ કામ નથી રાખવું. નીકળ અહીંથી.'

એટલું કહી તે તેના હાથમાં જભો મુકીને ત્યાંથી ચાલી ગયો. હવે મોરેના શું વીચાર કરે! હવે તે શું કરે! તેને એટલી અચરતી લાગી કે છેક બેશુદ્ધ જેવો થઈ ગયો. 'અફસોસ!' તે આખરે બોલ્યો, 'વાત ખરી લાગેચ. હું મરી ગયો હોઈશ! એક ભુજે, બે ભુજે, ત્રણ ભુજે, શું બધાંજ ભુજે? ના, ના, હવે મારી ખાતરી થઇ છે. હું મરી ગયલો છું. વાત ખરી લાગેચ. હું સ્વર્ગવાશી થયો છું, પણ ખોદાએ મને આ જીહાનમાં પાછો આવવા દીધો છે તે એજ મતલબથી કે હુ મારૂં કરજ અદા કરી નાખું, તેથી બેહેતર આ છે કે જઇને મારૂં વીલ (વશીયતનામું) કરૂં. પણ વારૂં એક બારગી તેઓ કહેચ તેમ, હું એકાએક મરી જઇને દોજખી થયો છું તો હજી સુધી મને સેતાન કેમ જણાગો નથી, તથા મારા ઇનસાફની બોટી કેમ, અને પેલી દુન્યાની કાંઇ ચીજ મેં જોઇ નહી તેનું કેમ? વળી મારાં કપડાં તો આ દુન્યાનાં છે! અને મને તો હંમેશના જેવુંજ બધું લાગે છે. હું શું જીવતો

છું? હું શું મુવેલો છું? યા એમ તો ન હોય કે હું મરણ પામીને તદન બેખબર પાછો ઉઠયો છું? હું કેમ છું અને કોણ છું, તેની મને સમજ પડતી નથી. બચીત એમજ બનેલું છે કે હું ઓચીંતો મરણ પામ્યો છું, અને મને તેની કાંઇ સમજ આવી છે. એક વાત તો નકી જણાઇ છે કે જેમની નજદીક હું જાઉંચ તેઓ સરવે મારાથી દુર નાહાશી જાય છે. અને તેનું કારણ શું? એજ કે હું મરણ પામ્યો છું વે તેઓ સમજે છે મારા દોસ્તદારો વતીક મને જોતાંજ મારા આગળથી નાહાશી જાય છે, એજ વાત પુરતી ગવાહી છે કે હું મરણ પામ્યો છું, અરે પણ ત્યારે આ કેવી અજાયબ વાત છે કે મરણ વખતે મને કાંઇ દુખ થયલું માલુમ પડયું નહી. લોકો કહેચ કે મરણ વખતનું દુખ નહી ખમાય એવું હોય છે, પણ અજબ છે કે મને તે કાંઇજ લાગું નહી, અરે પણ ફકત મારા પોતાના ઓળખીતાઓ મને જોઇને કાંય નાહશતા હશે! જે લોકો મને ઓળખતાં નથી તેઓ મને મુવેલો કેમ સમજતાં નથી! કોણ જાણે એમબી બને કે બીજાંઓને મારાં મરણની ખબર જણાવેલી નથી.'

આ રંગેશનાં ગુચવાડાં ભરેલાં મનસાથ આપણો, આ દુખી નાયબ ઘર ગયો, અને સઘળું બંધબસ્ત જોઇ તેણે ખુબ જોરથી દરવાજા ઠોકયા. ચાકરડીએ પોતાના સેઠનો સાદ પિછાણ્યો પણ બાઇની મસલહતમાં સામીલ હતી તેથી બારણાં ઉઘાડયા વગર અંદરથીજ પુછવામાં લાગી કે 'એ કોણ છે? ભાઇ, તારાથી ઘરમાં અવાય નહી, કારણ મારો શેઠ મરી ગયો છે.'

'અરે ખોદા! આ હું શું સમજું છું! ફેરતીલહ્ના એ તો હું છું તારો શેઠ, જલદી બારણું ઉઘાડ.'

'એ કોણ આ વખતે બોલાવેચ? આ ઘરમાં ફકત એક વીધ્વા બાઇ રહે છે,' ચાકરડી બોલી ,અહીં અમો સઘળાં અમારા બેહસ્તી શેઠનો શોક કરીએ છીએ, અને એ કોણ તોબા પાડવા આવ્યું છે. એ કોણ છે? શુ કામ ઠોકેચ, ચાલ્યો જા તારે રસતે.'

'જબાન બંધ કર, કાફરેકુનદુ, અને બારણું ઉઘાડ. હુંજ તારો શેઠ છું. કેમ ભુળી ગઇ કે? આ બહાર વરસાદ પડેચ અને ગાજવીજ ચાલેચ તે તને સંભળાતુ નથી કે? ઉઘાડ જલદી મારાથી સરદી ખમાતી નથી.'

'કોણુના ભાગ્ય કે શેઠ પાછો આવે! પણ એ બને કયાંથી! તે તો હાલ પેલી દુન્યામાં પૈસા ગણતો હશે! ખોદા તેના ઊપર દયા કરજો!'

મુવેલો હો કે જીવતો, પણ આ રીતની ચાલથી મોરેના ઘણોજ ચીરડાઇ ગયો; તેના દીલમા આડાં ને અવળાં આવ્યાં જેથી તેણે એટલા જોરથી બારણાં અફાળયાં કે તે સેવટે તુટી પડયાં, એટલે જેમ બીજાઓએ કીધુ હતું તેમ તેને જોતાંજ પેલી ચાકરડી બુમ બરાડા મારતીજ તાંહાંથી નાહાશી ગઇ, ને તેણીના પોકાર સાંભળી તેની બાઇ તાબરતોબ તેની મદદે દોડી આવી. જ્યારે પેલો બીચારો જોય શું કે તેણીના આંગ ઉપર શોકનો તદન કાળો પોષાક હતો. ધણી ઉપર નજર પડતાંજ જાણે કેવી એક બીહીધી હોય તેમ બેશુદ્ધ થઇ એક મોટી કીકીયારી સાથ જમીન ઉપર પટકાઇ પડી. આવો મામલો જોઇ પેલાની હવે ખાતરી થઇ કે તે મરણ પામેલો હતો, અને કે આ દુન્યાંનો નહી પણ પેલી જીહાનનો રેહેવાશી હતો.

ગમે તે કહો પણ પોતાની બૈરીની આટલી બધી મોહબત તેના ઉપર હતી એવું કોઇ દહાડો તેણે જીવતાં જીવત જાણ્યું ન હતું, તેથી તેણે તે-

ણીને તાબરતોબ આસ્તે રહીને પ્યારથી પોતાના હાથમાં ઉંચકી અને તેણીના ઓરડામાં લઇ જઈ કોચ ઉપર મુકી તેણીને હુશીયાર કરવાને કોલન વાતર વગેરેના તરેહવાર ચાંપતા ઉપાય અજમાવાની દોડધામ કરી મુકી જે જોઇને પેલી ચાકરડીથી હસવાનું ખમી શકાયું નહી તેથી તેણી તરત ઓરડામાંથી બહાર ગઇ અને એક બીજા ઓરડામાં જઇ હસી પડી.

ભુખનો ગલબો તીક્ષણ થવાથી તે ગોદાઉનની ખબર લેવા ગયો અને મુરંબો વગેરે મીસતાન હાથ લાગવાથી તેને પુરતો ઇનસાફ આપ્યો.

તેને બીજી જીંદગી પેહેલીના જેવી કંટાળા ભરેલી લાગી નહી. પેહેલીજ સાંજરે કેવી મજાહ પડી! એવી ને એવીજ રીતે ચાલે તો અલબતા બીજો ભવ ઘણીજ મજાહમાં ગુજારેલો કહેવાય. કેવો શરાબ! કેવા મીઠાં પકવાન, કેવું સ્વાદીષ્ટ ખાણું! વાહ કેવી મજાહ!'

સઘળી ધાસ્તી દુર કરવાની મતલબથી તેણે નોહીઆની દાઢ બાતલીનું માથું ભાંગ્યું જેથી તેના જીગરમાં નવી ઉલટ આવી, અને મરી ગયો છે તેની યાદ તો બદન ધુમ થઇ ગઇ.

દારૂની અસર તેનાં મન ઉપર ઘણી જોર

થઇ જેથી તેની કેફમાં ભર ઉંઘમાં પડયો અને ઘોરવા લાગો. આખી રાતમાં તેને તરેહવાર સ્વપના આવ્યા, અને ઘડીકમાં તે મુવેલો દતાયલો તો ઘડીકમાં જીવતો સમજતો હતો.

તે રાત્રે તેનાં સગાં વહાલાં તેની ખબર કાઢવા આવ્યાં જ્યારે તેમને ખબર મલી કે હેવાનની માફક જેણે સંઘરી રાખેલાં પકવાનો ઉપર મારો ચલાવ્યો હતો, અને પાણીની માફક દારૂ પીધો હતો.

બીજી સવારે તેને સુઇ રહેલો જોઇ તેની બૈરીએ નાહી ધોઇ એશકી કપડાં પેહેરયાં. તેણીએ શોકનો તમામ દેખાવ દુર કીધો અને ઘરમાં જાણે લગનની ઉજાણી ચાલવાની હોય તેમ તેને સણગારી મુકયું. ત્યાર પછી તેણી પોતાના ધણીના બીછાણા આગળ ગઇ, અને તેને ઉઠાડવા લાગી. ઉઠાડતી વેળા પોતાના ધણી તરફ કેવું હેત દેખાડયું તે કોઈના જાણવામાં નહી આવે તો સારૂં. પ્યાર તો એવો દેખાડયો કે આખે ડીલે અમરાવી અમરાવીને ચમટા તોડયા ! અરે બબ્બુ એટલી મોહોબતની નીશાણીમાં શું વળ્યું ! ચમટા તોડી ન ધરાતાં તેણીએ વધારે હેત દેખાડયુ, તે એમ કે પેલા બેહોશીમા પડેલા છાકટા ધણીનું

નાખ પકડી તે એટલાં જોરથી અમરાવ્યુ કે તેણીના પોતાના આંગલાં દુખી આવ્યાં. ત્યાર પછી ઘણાજ મયાના શબ્દોમાં તેણી બોલી, 'ઉઠો મારા પ્યારા, કેટલી બધી ઊંઘ ! કેટલો પોહ ફાટયો અને હજી તમે બીછાણામાં પડી કેમ રહયા ચાલો ઉઠો તો મારા પ્યારા !'

આવા મીઠા બોલ સાથ તેણીએ તેનાં નાખની પાછી ખબર લીધી, અને જોરથી તે ખેંચ્યુ.

ભારી બગાસા અને અવાચી પછી તે તોબાહ પડેલો શરાફ જાગરૂત થવા લાગો. તેને આગળા દહાડાનું સઘળું પાછું યાદ આવ્યું, અને મોટી મુશકેલાઇથી આંખ ઉંઘાડતાં તે જોય શું કે તેની બૈરી એશકી કપડાં પેહેરીને તેનાં બીછાણા આગળ ઉભી હતી. તે આંખ બરાબર ગોલીને બોલ્યો, 'અરે આ કોણ, વહાલી પોલોનીઆ, કેમ તમેબી અંતે મરણ પામ્યાં કે ? મારી તરફની મોહોબત ખાતર શું તમે પણ પેલી દુન્યા છોડી આ બીજી દુન્યામાં આવ્યાં કે ? વાખરે પ્યારી, કેવું હેત ! કેમ આ દુન્યામાંબી આપણે એકમેક સાથ પરણ્યે કે ? પણ તમે કેમ મરણ પામ્યાં ? અને હું શાથી મરણ પામ્યો ? જો અહીં પણ સોગંદ લેવા દેના હોય તો ખોદા મારો સાહેદ

છે કે હું કયારે મરણ પામ્યો, તથા અહી આપણે જો બેહેસ્તમાંજ હોઇએ તો અહી કયારે હું આવ્યો તેની મને જરા ખબર નથી. પેલી દુન્યાની માફક અહી પણ મને જુદા જુદા ઓરડા વગેરે જણાય છે, અને દરેક ઓરડામાં દારૂ તથા ખાવાનુ પુષ્કળ ભરેલું જણાય છે,'

એટલું કહેતાં જાંહાં તેણીએ તેને ખુબ ચોંટયા તોડયા હતા તાંહાં તથા નાખ ઊપર ઘણુ ચચડવાથી પસવાડવા માંડયું. તે સઘળી જગા ઊપર બધાં કાળાં કાળાં ઢાબાં પડી આવ્યાં હતાં.

'વાહ! આજે તો કાંઈ બહુ લેહેરમાં છો ! એ એટલું બધું લવારૂં શાનું ચલાવી મુકયુંચ ? બકબકારો છોડો અને જે ત બોલવાનુ એક કોરે મુકી ધંધે ધાપે જવાનું કરો, ઉઠો. મેં તમારા શેઠને તેડવા મોકલ્યો છે તે હમણાં આવી પુગશે.'

ત્યારે શું હું મરણ નથી પામ્યો કે ? અને મને ગઇ કાલે ઘોરમાં દાટયો નથી કે ?'

'ગઇ કાલે ઘોરમાં દટાવાનું તો કોણ જાણે, પણ આટલું તો ખરૂ કે ગઇ રાતે તમે દારૂમાં દટાઇ મુવાતા પેલાં ગોદાઊનમાં દટાઇને તેહેવારને વાસ્તે તઇયાર કરેલા મીશતાન ઊપર સારી રવેશે હેવાનની માફક તુટી પડયા હતા.'

અરે મારી પ્યારી, એટલા કરા ના થા! જો કે હું કબુલ કરૂં છું કે મુવા પછી પેહેલ વેહેલાં ગઇજ રાત્રે જરા સેહેજ બાતલી દારૂ બાતલી દારૂ પીધો હતો. તે કરતાં નજુમી સાહેબે જે કાંઇ કહયું હતું તે તથા આપણા દોસ્ત-આસનાવોના ઉદાસ ચેહેરા,—ઘર બંધ રહેલું,—ચાકરડી ગભરાઇ ને નાહશી ગઇ, તમે પોતે શોક-નો પોશાક પેહેરેલો,—અને તમે પોતે બેહોશ થઇ પડેલાં—એ સઘળું ખરૂ છે કે ખોટું તે તમે સારી પેઠે જાણો છો.'

'દપત પડો, અને બેહુદાં બોલવાને આગ લગાડો,' બૈરી દમ કરતી બોલી, 'નહી તો હમણાં ને હમણા તમારા શેઠને અંદર બોલાવશ.'

'શું મારા શેઠ જેવો એક મોટો માણસબી મારા મુઆ બાદ અહી રહેવા આવ્યોચ!'

'છાકટા, બસ કર! જે તે બકવાનું બંધ કર. દીવાંનો કેમ બન્યોચ. જલદી ઉઠ અને તા-રાં કામે જા.'

'અએ ઓરત, ખાતરીથી માન કે હું જી-વતો નથી. મને મરી ગયાને ૨૫ કલાક થઇ ગયા છે. મને તો કોણ જાણે કયારનો દાટી મુ-કયો છે, અને તું કામ ઉપર શેની મોકલેચ? જા,

જઇને આપણાં સગાં વહાલાં, દર દોસ્તદાર, ઓળખીતાંઓને પુછ, અને ખાતરી કરી લે કે હું શું મરણ પામ્યો નથી? અને કે મને દાટીઓ નથી? વળી મને એવું લાગેચ કે તુંબી મરણ પામી છે નહી તો આવો સફેદ આકાશી પોષાક તું ક્યાંથી પેહરે, પેલી જીહાનમાં હોતે તો તું શોકનો પોષાક પેહેરતે. જરા તારો સ્વભાવ પાધરો હતે તો તું એક ફરેસ્તો કહેવાતે.'

'કેમ તારૂં ભેજું ભેજું ચડી ગયુંચ કે કેમ? રાતના રાબેતા માફક સુવા ગયો, અને મરી ગયોચ, દતાઈ ગયોચ, અને બેહસ્તમાં ગયોચ, વગેરે પટપટારો શું કરી રહ્યોચ? ઘરમાં આલસુ પાડાની માફક ખાટલે પડેલો છે, ને બેહેસ્તમાં શેનો ગયો? અહી આવ તો કેસીલદા, જા જઇને આપણા નજુમી સાહેબને તેડી લાવ કે તેને પુછુ કે આ મુવાને શું થયલું છે. મને ધાસ્તી લાગે છે કે એની સંગત સારી નથી; કારણ, એના સોબતીઓએ એને ચેડવી મુક્યો છે.'

એ સખુનો સાંભળી બીચારો મોરેના ઘણોજ ગભરાયો. તે ફીકરમંદ થયો કે તે જીવતો છે યા મરણ પામ્યો છે. ગમે તે હો, પણ એક વીચાર તો તેનાં મન ઉપર સાબુત થયો, અને તે

એ કે 'તેને પોતાનું કરજ અદા કરવા માટે આ જહાનમાં પાછો આવવા દીધો છે.'

દાસી જોશીને બોલાવી લાવી, જેણે પેલી સ્ત્રીની દરેક વાત ખરી કહી. તે બોલ્યો કે તેણીના [illegible]રથારે સખત કામ કરવાના સબબને લીધે પોતાનું ધ્યાન ચેડવી નાખ્યું હતું, અને કે જો તે ચોતાની સંભાળ ન લેશે તથા પુલીસને ખબર પડશે તો તેઓ તેને દીવાનાશાળામાં પુરી મુકવામાં આવશે.

'જો એમજ હોય,' મોરેના શરાફ બોલ્યો, 'અને હું ખરેખર મરણ પામ્યો નથી તો મારા ઉતારળનાં મરણ પામવાની ધાસતીની સબળી આગાહી તમે મને ગઈ કાલે શું કરવા આપી હતી.'

'તમે મને કાલે મલ્યા હતા!' જોશી બોલ્યો, 'ક્યારે? ગઇ કાલે તો આખો દહાડો હું મારા ઘરમાંજ હતો, કારણ, એક સોનીની હીરાની વીંતી ખોવાઇ ગઈ છે તેથી તેના ચોરને પકડી આપવાની નજુમ જોવામાં રોકાયલો હતો.'

'અને હુબી આખો દહાડો દેવલને રંગ લગાડવાનાં કામમાં રોકાયલો હતો,' મોરેનાનો સાલ્હુ ચીતારો બોલ્યો.

તે સરાફના સઘળા દોસ્ત આસ્નાવોએ તેવીજ રીતે વાત ઉડાવી.

'અરે આ કેવી અજાયબ જેવી વાત છે,' શરાફ બોલ્યો, 'મેં મારા મીત્ર નજુમીને મારો ચેહેરો જોઇ એવું કહેતાં સાંભળ્યો હતો કે મારો ચેહેરો મોત લાયક ભયંકાર બન્યો હતો. વળી મને બરાબર યાદ છે કે હું ૨૪ કલાકની અંદર મરણ પામીશ એવું તેણે મને કહયું હતું.'

'નહી, નહી, મારા વહાલા દોસ્ત,' નજુમી બોલ્યો 'તમારી ભુળ છે. તમે સ્વપનું દીઠું હશે. જરા બીદાર થાઓ, અને એવી બેહુદી વાત મેં કહી છે એવું બોતાન મને લાગુ ના પડો!'

'એમ છે તો હું કહેવાની હીંમત કરૂં છું કે એ સઘળુ સ્વપનું હતું. ફકત તે બાબે મારી ખાતરી કરો એટલે આવતા તેહેવારની ઉજાણીનો સઘળો ખરચ હું એકલો આપીશ.'

'હં અં, હવે તમારી સમજ ઠેકાણે આવી,' નજુમી, બોલ્યો, 'અમો ખુશીથી તમારી દરખાસ્ત કબુલ રાખ્યે છીએ. ચાલો આપણે દેવલમાં બંદગી કરીને ફરવા જઇએ. ખુલ્લી હવાથી તમારૂં મન ઘણું સુધરશે, સ્વપનાનું કામ એવુંજ અજાયબ જેવું હોય છે.'

દુખી શરાફે તેમ કીધું, અને ફરવા ગયો જ્યાં તેને ગામનો પાદરી બીજાઓ સાથ ફરતો મળ્યો જેઓ તેની વાત સાંભળી અજબ થયા અને તેને જણાવ્યું કે તે કાંઇજ નહી, પણ તેના મનના ખ્યાલ હતા.

પોતાની કબુલાત મુજબ તેહેવારને દને મોરેનાએ સઘળાં મીત્ર મંડળને પોતે શ્વપનાની બીમારીમાંથી સાજો થયો તેની ખુશાળીમાં પારતી (ઉજાણી) આપી.

છુપી મસલતમાં સામીલ રહેલાં સઘળાંઓએ જે ભાગ પોતે બજાવ્યો હતો તે બાબે સેવટ સુધી તેને નહી કહેવાની સંભાળ રાખી, જેથી પોતાની છેલ્લી ઘડી સુધી તે એવુંજ સમજ્યો હતો કે જે કાંઇ તે દહાડે તેના ઉપર વીટયું હતું તે ફક્ત એક રાતનો શ્વપનો હતો.

પેલી સ્ત્રી પોતાની હીકમતની સરસાઇ માટે અત્યંત ખાતરીપુર્વક બની. પેલા ચીતારાની બૈરીની હવે પાલી આવી. તેણી સમજી કે મરદને છેતરવું કાંઇ આશાન કામ ન હતું જેથી તેણીએ તે કામમાં પોતાના ભાઇની સલ્લાહ લીધી. તે ભોગ જોગે કોઇ જબરો મશખેરો હતો અને બીજાઓની ઠેકરી કરવામાં એક્કો હતો.

પ્રથમ તો તેઓએ ઘરના દરવાજાને ખોટાં બારણાં મુકવાની યુક્તી કીધી, અને તે પણ એવી રીતે કે ઘરના ખરા દરવાજાની જગાએ સેહેલાઇ-થી અને સેહેજ ચેતવણી આપતાં તરત મુકી શ-કાય. તે ત્યાં છુપી રીતે એક રાત્ર લઈ જઇને ભોયરાંમાં સંતાડયા; અને તે છુપી યુકતી અમલ-માં લાવવા માટે તે સ્ત્રીનો ભાઇ તથા બે દોસ્તો ઘરના ઉપલા માલ ઉપર તઇયાર હતા. દરેક રચેશની ગોઠવણ થઇ ચુકા પછી આસરે બે કલાકે પેલો ચીતારો દેવલનાં કામ ઊપરથી આવ્યો.

તેની સ્ત્રીએ તેને રાબેતાના કરતાં વધારે મોહોબત ભરયો અવકાર દીધો. જમ્યા પછી તે-ઓ જલદીથી સુવા ગયાં કે રંગારી સવારમાં સ-કારે ઉઠી પોતાના કામ ઉપર જઇ શકે કારણ તેને પોતાનું કામ આવતા ઇસ્તર તેહેવારની અગાઉ આટોપી નાખવાની ઉતાવલ હતી. ટુકમાં તેનાથી એક કલાક પણ ફોકટ ખોવાય એવું ન હતું. મધ્ય-રાત સુધી તો બીચારો રંગારી ભર ઉંઘની મજા-હ માહાલતો પડયો. પણ તે વખત પછી તેની બૈરીની ભયંકાર અને દુખદાયક કીકીયારીથી તે જાગી ઉઠયો. બીચારી ભોળી (!) બૈરી જરા પણ તે રાતે ઉંઘાઇ ન હતી; પણ તેણી ઉંઘાય કયાંથી?

મસ મોટું મહાભારત (!) કામ તેણીના હાથમાં હતું. તે બીચારી કરે શું! ધણીની સેવા બજાવવાની ફરજ તો તેણી સારી પેઠે સમજતી હતી; પણ બીજા હાથ ઉપર કોણ કહેય કે એવા ધણીને ઠેકાણે લાવવાનું કામ ઉતરતી પંકતીનું હતું? લાચારીએ તે કામ જેમ તેમ મનને મારીને તેણીએ હાથમાં ધરયું.

'અરે ખોદા હું હવે શું કરૂં!' તેણીએ પરાક્રમ ચલાવવા માંડયાં. 'ઓ મારાં માએજીના બાવા આવો રે! મરે રે આ શું થયું? અરે અરે! એ પેટમાં અકર ને વકર શેની થાયચ? ઓ ઓ ઓ! અરે લેવો રે પાંસળીમાં કાંઇ ભરાઇ ગયું? ઓ કોઇ સગાં વહાલાંને તેડી લાવો રે! અજળનું તેડું આવી પુગુંચ જો! અરે મારી પ્યારી માએના બપાવા આવો રે! આ મારા શા હાલ! તોબાહ! તોબાહ! ઉજળી ફગ થઇ ગઈ છું અને તેબી એકાયક ઓ! (ધણીને ઉઠતાં જોઇ) અરે જરા ઊઠો તો, પાદરીને બોલાવો કે મરતી વખતનું કનફેસાંઉ કરી લેવું!'

ધણીની ઉંઘ ઊંડી ન હતી તેથી તે 'શું છે' નો સવાલ કરી પાછો ખાબમાં ગીરફતાર થયો. એક ગમથી પેલી તેની બૈરી અકર વકર કરતી

બુમબરાડા અને કીકીયારીના પોકારો ચલાવે ત્યારે રંગારી ઉંધમાં ઘોરવાનો પડઘા કરતો રહયો. જાણે ડાકેણ છેરાઇ હોય તેમ પેલી દુખીઆરી તેનાસાથ લાટ અને મુક્કીથી કામ લેતી પણ પેલો ઉંઘાતરો જાગે નહી. હવે બીચારી કરે શું (!) આખરે એક સેહેલો ઉપાય તેણીને સુઝ પડયો જેથી તે સીવવાનો મોટો સુઇઓ લાવી અને તેનો અખતરો અજમાવવા માંડયો, અને ખરેખર તેથી ઘણો ફાયદોબી થયો. ખચોખચ માંસમાં સુઇઓ જાય કે ઘોડાની માફક તેણીનો ધણી ચોંકી ઊઠે, અને ધમ દઇને પાછો ખાટલે પડે.

તેણીની કીકીયારીથી તેણીની બેહેનની દીકરી દોડતી કે તેણીના ઓરડામાં આવી. તેણીને પોતાનો ભાગ બજાવવાની સારી તાલીમ આગમચથી મલી હતી તેથી ગોધીઆરૂ કરી મુકવામાં કાંઇ બાકી રાખ્યું નહી. કોલન વાતર લાવી, ગરમ ફલાનના સેક કરવા લાગી, રમ અને બ્રાંડીની બાતલી ઉપર બાતલી ભાંજી પગે અને આખે દીલે ચોપડવા લાગી. તેણી એટલું કરી રહી નહી પણ સોહોરસાર કરી મુકી બીચારા ચિતારા માસાને જેમ સેસ ભરાય તેમ ભરવા લાગી.

'પણ મુવા ઉઠ અને પાદરીને બોલાવી

લાવ, જે વખત જાયચ તેમાં અજાગ આવી લાગશે, વાસ્તે દોડ. જોઇએ તો મુરદાંની ગાડી લઇ આવ? દોડ મુવા, કપાઇ જા! ઓ માય રે, કોઇ આવો રે! કલેજું કપાઇ જાયચ જો!

'મેં તમને જમતી વેળા કહ્યું હતું કે ઘણી સાલીદને સરકો વગેરે ખાવાથી અવગુણ થશે ત્યારે તમે માન્યું નહી, હવે તેનું પરીણામ જે નીપજ્યું તે તમે ભોગવો, એમાં હું શું કરૂં.'

'રે એકદર ઘાટકી! જેમાં મારો કાંઇ ઇલાજ નહી તે માટે ઠપકો આપવાનો આ વખત છે કે? તમારા મો આગળ મને મુવેલી જોવાને ખુશી ન હોવ તો કાળું કરો અંહીથી, અને પાદરીને બોલાવ્યા પછી મારી જોઆન આયાને તેડી લાવો કે તેણીને મારી તબીયતની બધી ખબર છે જેથી તેણી મારો કાંઇ ઇલાજ કરશે. જો એટલુંબી તમારાથી નહી બનતું હોય તો મુરદાંની પેટીવાળાને તાંહાં તો જાઓ.'

'પણ મારી પ્યારી, દુખી ચિતારો બોલ્યો, 'તે આયા કયાં રહે છે તેનો જરા વિચાર તો કરો. તેણી અહીંથી ૫ ગાઉ ઉપર રહેવા ગઇ છે, તે કરતાં બહાર વરસાદ કેવો જોર પડે છે તથા વા વીજોર કેવું ચાલેચ! અને એક બારગી હું જેમ

તેમ કરી ત્યાં જઇ પુગો તો શું તમે ધારોચ કે તેણી આવી ભયંકાર વરસાદની રાત્રે પોતાનુ બીછાણું છોડી મારી સાથ આવવાની હીંમત કરશે? કહો તો પેલા ગાંધીને તાંહાં જાઉં અને પેલે દહાડે દવા લાવી આપી હતી તે લઇ આઉં કે જલદી તે દહાડાની માફક તમને આરામ થશે, તેથી ખોદાનું નામ લઇ ધીરજ પકડો કારણ તમને આવાં હાલતમાં મુકીને મારાથી જરાબી ખીસાય નહી. વળી આવા તોફાનમાં બહાર લાંબે સુધી જવા પછી કોણ કહી શકશે કે હું સહી સ-લામત પાછો ફરશ. નહી નહી, હું કદી તમારી આગળથી ખીસવાનો નથી. એ શીવાય બીજુ કહેશો તો હુ જરૂર કરશ.'

એ બોલોથી નવી કલાપીત મચી રહી. 'અરે ખોદા!' તેણા રડતી રડતી બોલી, 'તુંએ મુજને આ કેવો ધણી આપ્યો! હું એના પાસ કાંઇ મો-ટી દોલત માંગુચ! અરે એ નીરદય, હું જો તારો જીવ માંગતી હોઊં યા તારી દોલત મારા ઉપર ગુમાવી દેવા કહેતી હોઉં તો તું શું કરવામાં બાકી રાખે? તાંરાથી આટલું સેહેજ જેવું નહી બનતું? મેં શું તંને મોટું કહયું? ફકેત જુના બુત પેહેરીને મારી આયાને તેડી લાવવું એશું

તારા મનસે બીકટ કામ છે કે? આગળ મને શક હતો, પણ હવે તો મારી પકી ખાતરી થઇ છે કે જાંહાં છે તાંહાં કોઇ મુઇ બીજીને દેવલ- માં લઈ જવા ઇચ્છે છે, અને તેથીજ મારી મર- વાની વાર જુએ છે. જા જઇને ઘોંટલો લે, અને ઢોરની માફક ઉંઘો, પણ યાદ રાખજે કે જો હુ મરણ પામી તો મરતી વેળા હું ખુલ્લી બદનામી તારે સર ચોંટાડશ અને સાફ જણાવશ કે મારી સાલીદમાં તેં ઝેર ભેળ્યું હતું. અરે મને શી ખ- બર કે તું એટલી વારમાંજ મારા સાથ દગો રમશે, નહી તો હું ખાવાની સંભાળ રાખતે. હાલની તારી ચાલ ઊપરથી મારી ખાતરી થઇ ચુકી છે.'

'રે ઓરત, ઓરત!' ચિતારો ગુસ્સે થઇ બોલ્યો, 'તારી જીભલીને આંકોશમાં રાખ; કારણ જો હવે ઝાઝો વખત મારી બદગોઇ કરશે તો એક મઝબુત લાકડીથી તારા પેટમાંહેલાં દુખને બરડા ઉપર લઇ આવશ.'

'શુ મારાં માસીને મારશે?' છોકરી બોલી, 'પણ મારતાં મરી નહી જાય તેની સંભાળ રાખજે એમને હાથ તો લગાડ ને પછી જો કે તારાં નેન કેવાં બહાર ખેંચી કાઢું છું.'

એ બોલોથી ચિતારાનો પીટો એટલો ઉછ‍ળી આવ્યો કે તરત તે કીણો લેવા દોડયો જ્યારે પેલી છોકરી નાહાશી ગઇ અને તેની સ્ત્રીએ ગુલ બાંગ અને કલ્લોલ મચાવી દીધી. તેણીએ મોટે મોટે બખારવા માંડયું કે 'રે કોઇ આવો રે, મારા માતીએ મને ઝેર દીધુંચ જો! રે કોઈ પાદરીને-બોલાવો રે હું તો મરી જાઉંચ જો!'

પેલી દુખી (!) સ્ત્રીના આવા જુલમથી ધણી ગભરાયો અને બીહીધો કે જો મોમાં તેના ઉપર આ રત્વેશના આરોપ સાથ તેણી મરણ પામી તો નાહક તેને હલાકી ભોગવવી પડવાની તેથી પોતાથી બન્યું તેમ તેણીને નરમ પાડવાની બેતરણ કીધી. તેણે જવાને કબુલ્યું, અને હાથમાં પાતલુન જભો અને બતીનું ફાણુસ લઇ આયાની શોધમાં બહાર નીકળ્યો; પણ બિચારો ૫૦ કદમ ગયો નહી એટલામાં તો તદન તરબોર થઇ ગયો.

આયાને માટે એક પુરી ઇધાણી તેને એજ મલી હતી કે તેણી ફલાણા મોહોલ્લામાં રહેતી હતી; પણ આવી ભારી વરસાદની અને તોફાની રાતે તેને તેણીનું ઘર દેખાડે એવું કોણ કમબખ્ત મલનાર હતું? આવા વીચારમાં તે ભીંજાતો અને ધ્રુજતો આગળ ચાલ્યો, અને બોલ્યો કે 'મારા

જેવા મુર્ખાઓ આ દુન્યામાં ઘણા નહી હશે કે જે-ઓ સ્ત્રીનો સ્વભાવ પીછાણ્યા વગર લગનના કુવા-માં ઝીપલાવે. પરણુવા નીકળનારાઓએ પરણુતી વેળા સ્ત્રીના પૈસા તકા ઉપર નહી જોવું જોઇએ પણ તેણીનો સ્વભાવ કેવો છે. ઘરનો સંસાર સારી રત્રેશે ચલાવી શકે એવી છે, અથવા નીતી અને નેક રાહ ઉપર ચાલનારી છે કે નહી તે તપા-સવાનું છે. પૈસાવાલી સ્ત્રી હું પરણી લાવ્યો, પણ તે મને સંસારમાં કામ શું લાગી? પોતાના પૈસાની કુમકે તેણી સુખ જોયચ, અને હું ગુજરાણ કરૂચ છતાં મારા ઉપર જુલમી હુકમ ઇ ચલાવેચ. ધુળ પડજો એવાં પૈસા ખાતરનાં લગન ઊપર, અને લ્યાનત પડજો એવાં લગનના વીચાર કરનારાઓ ઉપર! આવા સંસારમાં ચાલુ રહેવા કરતાં મરવું હજી બેહેતર છે; કારણ, હુ તો હવે જીંદગીથી ધરાયો છું. હવે મારો કાંઇ દીરગ નથી. અરે ખોદા! પેલી ઘણીજ લાયકીવાલી ગરીબ અને સાલેસાઇવાલી ઇલાઇઝાનો હાથ મેં ના પાડ્યો તે દહાડો કેવો નેહેસ્ત હોવો જોઇએ! તેણીથી આજે હું કેટલું સુખ જોતે! અફસોસ કે પૈસાએ મને લોભાવ્યો, અને તેના લોભે મને ફસાવ્યો. દીવસે શું કે રાતે શું, જ્યારેબી ઘરમાં પગ મુકુચ ત્યારે કુસ્વભાવની નાપાકજાદી બસ કરડવાજ

આવેચ. ફકત દાપું ભરવાને બાકી રાખેચ, જરા જરામાં ફેસતા, પૈસાની ખુવારી, અને દેહની ખરાબી. તેણીના સ્વભાવનો કુદરતી ઉભરો બહાર નહી પડે તે માટે અનેક ઉપાય કરૂચ પણ સઘળા ફોકટ જાય છે. ચોરની માફક બીહી બીહીને ચાલવું પડેચ, અને એટલું કરતાં પણ તરેહવાર બોતાન, તાણાજણી, ફેસાદ, તોફાન, અને તેમની દુમબાલે હલાકી! વાહ! કેવો બરધસ્તેહ દીવસ! તોબાહ, તોબાહ! એવી કલાંત સ્ત્રી સાથ વસવાનાં કરતાં એક ભયંકાર ગુફામાં ઝેરી અઝદાહ સાથ રહેવું બેહેતર છે. હું કેવો અભાગ્યો, કેવો નરીબહીણ, અને કેવો દુખી! મારા જેવા કમનસીબ દુન્યામાં ઘણા નહી હશે. આજની જીંદગીને પરણ્યા અગાઉની જીંદગી સાથ સરખામણી કરતાં મને કેટલું દુખ લાગી આવેચ! પરણતી વેળાના મારા વીચાર કાંહાં ધુમ થઈ ગયા? ત્યારે કેવી મોટી મોટી આશા મારી આગળ નાચી રહી હતી. એશકી રૂપાળી અને પૈસાવાલી નેક બાનું આગળ ડહાપણવાળી, ધણીને તાબેદાર, સંસાર સારી રવેશે ચલાવનારી, નરમ સ્વભાવવાળી ભીખારડી શી બીસાદ ધરાવેચ? કાંહાં શાહ ને કાંહાં ગાંગા તેલી! કાંહાં પરી ને કાંહાં કાળો નાગ! અરે એ વિચા-

રોએ આજે મારૂં કેવું નખોદ વાળ્યું છે ! જે-ણીને મેં ભીખારડી કહી હતી અને જેણીએ મારી સેવા અને તાબેદારી કરવાના સોગંદ લીધા હતા તેણીનો હાથ ધરતે તો આજે હું કેવો સુખી થતે. સ્વભાવ, તારૂં નખોદ જજો ! પૈસાની ભીખ માટેના લગન, તારા લોભની જાળમાં કોઇ બીચા-રાને સપડાવવું રખે ! અરે આજે જ્યારે ઘણું મોડું થયુંચ ત્યારેજ હું શીખ્યોચ કે પૈસાની ભીખનાં લગન કરતાં દાનેશ માબાપની સલ્લાહ સાથના પ્યારના લગનની મોતેબરી જીઆદા છે. તેથીજ ભવ સારો નીવડેચઃ બાકી પૈસા લાવેલી બૈરી તો ઉહતાં ને બેસનાં તાણાં મારેચ ! અને તેવી સાથનો સંસાર કથળેલો અને ભવ દુખમાં જાય છે.' આવા લંબાન બળાપા ભરયા વિચાર સાથ તે કેટલાક માઇલ ઉપર નીકળી ચાલ્યો અને આયાનું ઘર મલતાં તેને કેટલો વિલંબ લાગો હશે તેનો વીચાર વાંચનારેજ કરવો.

હવે પેલી ગમ પેલી સ્ત્રીએ પોતાના વેચ-તા લીધેલા વરને ઘરથી દુર થયલો દીઠો એટલે તરત તેણી વાઘની માફક કુદકો મારતી કે કાત-રીયાં ઉપર ગઇ અને ત્યાં સંતાઈ બેઠેલા પોતાના ભાઇ તથા તેના સોબતીઓને હેઠળ બોલાવી

આવી. તેઓએ તરતજ ઘરનાં જુનાં બારણાં ઉતારી નાખ્યાં અને તેને બદલે નવાં મુકયાં. તેઓએ સઘળી તઇયારી આગળથી કરી રાખેલી હતી, જેથી સેહેજ વારમાં ઘરનો બહારનો દેખાવ તદન બદલાઇ ગયો. ઝડપ સાથ કારીગીરી તો એવી ચાળાકાથી ચલાવવામાં આવી હતી કે ઘરધણી-યાણી પણ તેને પોતાનાં તરીકે પીછાણી શકી નહી. વળી દરવાજાના મથાળે એક પાત્યું ચઢાવવામાં આવ્યું હતું જેના ઉપર 'જાહેર નાટકશાળા' એવુ વંચાતું હતું.

તમામ થઇ ચુકા પછી મીત્રમંડળનું એક મોટું ટોળું બૈરાં છોકરાં સાથ ત્યાં ભેગું થયું. એક સારી મેજબાની ચાલી રહી અને મીજલસ-નું મન ખુશ કરવા માટે સ્ટ્રીંગ બેન્ડ પણ હાજર હતું, અને આવી મોટી દોડધામ ફકત પેલા ચિ-તારાના તે રાતનાં મહાભારત કામની યાદગારી માટે કરવામાં આવી હતી, જ્યારે તે બીચારો કમનસીબ આયાનું ઘર ધુંડી કાઢવામાં ભારી મેહેનત છતાં નિષ્ફળ થયો હતો. અત્યારલગીમાં જે કાંઇ તેણે કીધું હતું તે એજ કે બીજા લોકો-નાં બારણા વારા ફરતી ડોકયાં હતાં અને લોકોને નકામાં જગાડયાં હતાં.

આખરે તે ઘર તરફ પાછો ફરતો જણાયો ઘુટણપુર કાદવમાં તે જેમતેમ કરી રસ્તો કાપી આવેલો હતો. તદન હાકીને લુઝ થઇ ગયલો હોવા ને લીધે તે બહુ ચિરડાઇ ગયો હતો. જેમ ઘરની નજદીક આવતો ગયો તેમ હસાહસ અને નાચરંગના પોકારો તેના કાન ઉપર આવતા થયા. તે સઘળા અવાજો તેનાં પોતાનાં ઘરમાંથી નીકળતા જોઇ તેની તાજુબીનો કાંઇ પાર ન રહયો. અતીશય ગુચવાડા ભરલી હાલતે તે પોતાનાં ઘરના દરવાજા આગળ આવ્યો અને તે ઉપર ટાંગેલું પાટયું વાંચી તે એવો વિચાર લઇ ગયો કે કોઇ નવાં પોહોંચખાણામાં ખુશાળીની મીજલસ ભરાયલી હતી જેમનાઃ રંગરાગના અવાજો સંભળાતા હતા.

'અરે પણ કેવી તાજુબીની વાત છે કે આ પોહોંચખાણું આગળ કોઇ દહાડો મારા દીઠામાં આવ્યું ન હતું. પણ મારૂં ઘર કાંહાં છે? હું આગળ મુકી આવ્યો કે શું! નહી તેમ બનેજ નહી. હું નીકળ્યો ત્યારે તે અહીંજ હતું. અરે નેક ખોદા! મને ઘરમાંથી નીકળ્યાને ઘણા કલાક વહી ગયા નથી; તે ઘર આ જગામાંજ હતું; જ્યાં મારી સ્ત્રી જીવંત કરતાં મુવેલી હાલતમાં વધારે

હતી. પડોસીનાં ઘર સઘળાં જેમનાં તેમ છે; એક બાજુએ આ રોદ્દરીગનું ઘર અને બીજી બાજુએ ઓન્ઝાલનું ઘર છે. વળી સામેનાં ઘર પણ જેમના તેમ છે, ને આ શો ચમત્કાર છે કે મારાં ઘરની નીશાણુ તદન ઘુમ થઈ ગઇ છે! આ પોહોંચખાણાવાળુ ઘર મારૂં હોય કયાંથી, કારણ હું બહાર જવા નીકળ્યો ત્યારે તો મારી બૈરી બીચારી મરણતોળ બીછાણે પડેલી હતી અને તેણીની આગળ તેણીની ભતરીજી શિવાય બીજું કોઇ ન હતું, જયારે આ તો દોઢસો બસો માણસ અતરે ભેગું થયલુ જણાય છે અને તમામ દેવાનાઓની માફક સોહોરસાર કરયાં જાય છે, જ્યાં છે ત્યાં હું મોહલ્લો ચુકયો છું. મોહલ્લાને નાકે જઇને પાત્યુ વાંચીને પકી ખાતરી તો કરૂં. (જઇને પાત્યુ વાંચ્યા પછી) મોહોલ્લોબી તેજ છે અને ઘર પણ બધાં તેજ છે ને થયું શું? અરે હવે હું સમજ્યો. હું સુતેલો છું અને ખાબ જોવું છું—બરાબર, બરાબર, કેઠી હવે ફોમ આવી. (આંખ ચોળીને) અરે નહી, હું તો જાગતો છું વારૂ જાગતો છું તેબી કબુલ કીધું પણ આ ઘર તો મારૂં નહીજ હોય; કારણ કે મારા ઘરના દરવાજા તદન જુના અને ઓય તુટી પડે એવા ભાંગા તુટા હતા. હું

છાકટ પણામાં આવો ચમત્કાર જોતો હોઇશ તેમાં નવાઇ નથી પણ છાકટપણાની અસર બાકી રહે કયાંથી, વરસાદ કાંઇ થોડો પડેચ! મારાં કપડાં તરબોર થયાં છે અને જયાં ચામડી પણ ભીજઇ ગઇ છે ત્યાં છાકટપણાની અસર શી બળીચ ?'

તેણે પાછી આંખ ચોળી અને આમથી તેમ હાથ પગ પછાડી જોયા. બારણાને કાન લગાડયા અને વાજાંના તથા ગાયનના સરોદ સાંભળ્યા જેથી તે ગોંકીને પાછો હટયો. આખરે તેની ખાતરી થઇ કે આખો દેખાવ કાંઇજ નહી પણ તલેસમાતી છે જે જાદુઇ અસરને લીધે તેનું પોતાનું ઘર તેને પોહોચખાણું જણાય છે. 'જે બને તે ખરૂં, જોઇએ બારણું તો ઠોકું.' એવી અનધન હાલતમાં તેણે દરવાજાનું કણું પકડયું અને જોરથી અફાળ્યા કીધું. તેના અવાજથી આડોશી પાડોશીઓ જાગી ઉઠયા અને બારીમાંથી કાંઇ અડધી દજન લોકે ડોકું બહાર કાઢી આવી મોડી રાતે એ રવેશના ઠોકવાનું કારણ પુછયું.

તેજ વખતે તેનાંજ ઘરના ઊપલા માલ ઉપરથી મસાલે ફાનસ બહાર કાઢી તેની ઉપર ઊજનશ નાખી પુછયું કે 'એ તુ કોણ છે, અને શા

માટે બારણા ઠોકે છે, નીકળ અહીથી એવડી મોડા રાતે તને અહી ઉતારો મળશે નહી. ચાલ, ચાલી જા, નહીં તો બતકરો આવી ચાબુકથી તારી ખબર લેશે. નીકળ અહીથી, ચોર, વાત તો ઠીક લાગ્યોચ, સારી રાત ભટકી, ઘરે ઘર ચોરી કરીને તે ચોરેલા પૈસા ઉપર અમારાં હોતેલમાં મજાહ કરવા નીકળ્યોચ. નીકળ ભામટા, નહી તો બધા પોરીઆઓના હાથે કુટઇ જશે. જા કાળુ કર, બદમાશ. છેક મોડી રાતે આબરૂદાર લોકોની ઉંઘ લેતા તને શરમ નથી લાગતી ?'

'એ ચંડાળ તું એટલા સખુન કોણ પર કરેચ ? જબાનને આંકોશમાં રાખ, નહી તો આ પથ્થરથી તારૂં સર કુટઇ જશે.'

એટલું છતાં તે અભાગ્યા માણસે બોહોંસ કરયા કીધી જેથી બારણું ઉઘડયું અને હોતેલનો માલેક તથા તેના બે મોટા કુતરા બહાર નીકળ્યા અને બીચારા નીરદોષ ઉપર એકઠો હુમલો લઇ ગયા.

'લુચ્ચા ચોર, તું અહી એ રવેશનો ફેસાદ કરવાની શી રીતે હીંમત કરેચ ? મારાં માણસોએ તને સાફ જણાવ્યું કેની કે મારાં હોતેલમાં હાલ ઓરડો ખાલી મળશે નહાં.'

'અરે પણ ભાઇ સાહેબ, એ તો મારૂં પોતાનું ઘર છે કે જેમાં આજ લાંબો વખત થયો હું રહું છું. મને તાજુબી એમ લાગે છે કે એ હોતેલમાં કેમ બદલાઇ ગયું.'

'તું કોણ છે?'

'દાગેગો દે મોરેલ છું. સાહેબ, હું એક આબરૂદાર ચિતારો છું. મારી બૈરીનું નામ મેરીઆ મોરેલ છે. તેણી કદાચ છેલ્લા થોડાક કલાકમાં હોતેલવાલી થઇ ગઈ હોય તો કોણ જાણે! હું ધારૂંચ કે તમો સાહેબ મેહેરબાની કરી આ ચમત્કારનો સઘળો ખોલાસો કરી શકશો.'

'ખોલાસો એજ છે કે આસરે ૬ વરશ થયાં હું અતરે હોતેલ રાખી રહયો છું, અને આ શેહેરમાં આવેલા તમામ પરોણાઓ માંહેલા અડધા મારે તાંહાં ઉતરી ગયા છે. મારૂં નામ કેસીઓ અને મારી બૈરીનું નામ મેરીઆ મોલીનો છે. વાસ્તે હવે મેહેરબાની કરી અહીથી વદેયા થાવો નહી તો અનગમાં પગળાં ભરવાની મને લાચારીએ ફરજ પડશે.'

એટલું કહી તે અંદર ગયો અને જોરથી બારણાં બંધ કીધાં. હવે બાચારા ચિતારાની હાલત દયા આણવા જોગ બની. તે પોતાના

જીલોસો નામના સાહાદુને ઘર ગયો. આ વખતે બામદાદ થવા આવી હતી. તેણે જીલોસોનાં ઘરનું બારણું ઠોક્યું. જીલોસોએ ઉપલા માલની બારી ઊંઘાડી તે કોણ હતો તે જાણવા માંડ્યું. ચિતારાને ઓળખતાંજ તેણે હેઠળ આવી બારણું ઉંઘાડયું અને તેને ઘરમાં લઇ એવડી મોડી રાતે આવવાનું કારણ પુછ્યું.

પોતા ઉપર જે કાંઇ વીટયું હતું તેનો સઘળો ખુલાસો ચિતારાએ કહી સંભળાવ્યો જેથી જીલોસો હસ્યો અને બોલ્યો કે 'ભાઇ, તમને મદીરાનો ઘણો શોખ છે, માટે ગઇ રાતે તમે તે ઘણો પાધો હશે તેમજ અચર ગચર કાંઇ ચીગડયું હશે જેથી એવા સ્વપ્ન વશ થયા. ચાલો હવે એ સઘળું વીસરી જાઓ અને ભીનાં કપડાં કાઢી બીજાં આપુંચ તે બદલો અને પછી ઉંઘી જાઓ.'

હવે પેલી ગમ ચીતારાની બૈરીએ જોયું કે ચીતારો લડાઇનાં મેદાનમાંથી જતો રહ્યો ત્યારે તેણીએ દોડધામ કરી હોતેલ વગેરેનો સઘળો દેખાવ દુર કરી નાખ્યો. દરવાજા ઊપરથી નામનું પાટ્યું ઉંચકી લીધું અને નવા દરવાજા કાઢી નાખી તેની જગાએ પાછા જુના મુકી દીધા. તેણી મસતી તોફાન, નાચવું કુદવું, રંગરાગ,

તથા ધુમ ધરાડા વગેરેથી થાકી ગઇ હતી તેથી સઘળા પરોણાઓ ગયા પછી ભર ઉંઘમાં પડી.

બીજી સવારે સકારે પેલો ચીતારો પોતાને ઘર ગયો. તે પોતાની સાથે જીલોસોને પણ લાગ્યો હતો. ઘરને લગતી દરેક ચીજ જેમની તેમ અસલ હાલતમાં જોઇ જીલોસો ચીતારા ઉપર બહુ બબડ્યો અને પોતાની મશકેરી કરવા માટે તેની જાતકની કાઢી નાખી. વળી ચીતારો પોતે પણ મધ્યરાતે જે કાંઇ જોયું હતું તેની કાંઇ પણ નીશાણ ન જોઇ કાંઇ થોડો અજબ નહી થયો, તેણે સોગંદ ઉપર સોગંદ ખાઇ જણાવ્યું કે કોઇ જાદુગર યાહુદીએ જાદુઇ કરી તેનાં મનની એવી ગતી કરી મુકી હતી.

નજદીક જઇ બારણું ઠોકયું. તેની ભાણજીએ તે ઉઘાડયું. તેણીનો દેખાવ આખી રાત ઉજાગરો કીધો હોય એવો લાગતો હતો.

માસાને જોતાંજ તેણીએ પણ બીચારાને પાણી ઉતાર કરી મુકયો. કહેરે મોહોડાં શું ભાવેય—તેમ જે કાંઇ જબાન ઉપર આવ્યું તે કહેવાને બાકી રાખ્યું નહી.

'કોણ! નેકનામ માસા કે?' તેણી બોલી, 'વાહ, ધણી તો તમારાજ જેવા જોઇએ, તેમાં

શક નથી, કે પોતાની મરણ કાંઠે પડેલી બૈરીનું બીછાનું છોડી, બહાર રખડતો ફરે. વાહ, જાણે ઘરમાં કોઈ બીમાર ન હોય તેમ કરારે સારી રાત મજાહ કરી બારણે બપોર થઈને સકારા સકારા ઘરમાં આવ્યા.'

'બેટી, મારી વહાલી,' ચીતારો બોલ્યો, જ્યારથી ગઈ રાતે હું ઘર છોડી ગયો ત્યારથી મારા ઉપર જે અનેક પ્રકારની આપદા વીટી છે તે જો તમે સાંભળો તો મને નાહક બદનામ કરવાને બદલે તમે મારા ઉપર દયા કરશો.'

તેનો અવાજ સાંભળી તેની બૈરી વાઘની માફક તેની આગળ ભખી ખાતી આવી અને બોલી, 'રે, નીચ! ઘણોજ મયાળુ ભરથાર, નહી વારૂ ? આખી રાત કાંહાં અને કોણની સાથ ગુજારી? પાદરીને બોલાવી લાવ્યો છું? અને આયાબી આવી, નહી, વારૂં ? દુખી બૈરી આગળ તને એકલો પાછો આવતાં શરમ્મી નહી આવી ? વળી નાક ચાંપીને પડીબી રહયો નહી ને સાથે વળી સાહદુને પણ પોતાની એબ દેખાડવા લઈ આવ્યો કે તારો બચાવ કરે. પણ તેમ કીધાથી તને કાંઈ ફાયદો થવાનો નથી; કારણ, તારા જેવા કઠણ અને ધાઢકી દિલના ભરથાર સાથ ભવ

કાઢવા કરતાં હવે જુદું પડવાને મેં નક્કી કરયું છે. બસ હવે મને મોતી બોતી કાંઇ જોઇએ નહી! મોતીની સંગ ધરૂં કે ફરીથી મારાં બોણા-માં ઝેહેર ભેળે! ના, સાહેબ, હું તમને હવે સારીરીતે ઓળખી ચુકીચ. હવે છુટા છેડા શી-વાય બીજો કાંઇ ચારો રહયો નથી.'

'નેક બાનુ, જરા તાઢાં પડો,' જીલોસો બો-લ્યો, 'કારણ મારા મીત્રની મતલબ કાંઇ ખરાબ ન હતી. એવું જણાય છે કે કાંઇ જાદુઇ અસર તળે એ બીચારો આવેલો છે, જેથી તમારા તરફ નો એનો પ્યાર ઓછો થયો છે એમ નથી, પણ તમને જાદુઇ જોરથી એવું કાંઇ જણાય છે.'

'ખરી વાત,' ધણી બોલ્યો, 'અને જો મારી વહાલી મારી ઉપર ગઇ રાતે ગુજરેલી તમામ હકીકત સાંભળ્યામાં લાવે તો તેણીની તે બાબે ખાતરી થશે.'

એટલું કહી તેણે પોતાનો બચાવ ચાલુ કીધો, અને તેં માટે તેનાં ઘરમાં જે કાંઇ દેખાવ દીઠા હતા તેનું સવીસ્તર બ્યાન આપ્યું, જે સાં-ભળી પેલી કબાહ પાછી ઝનુનમાં આવી, અને બોલી, 'રે મુર્ખા, એવું બેહુદું બોલવાનું ખતમ કર. એવું બોલવાથી તારો મીત્ર આપણા વીશે

કેવો વીચાર કરશે. તું કહેચ તેવું બનવાની એક સારા માણસનાં ઘરમાં કદી આશા રખાય ! પણ તારી ચાલથી તારા મીત્રની ખાતરી થઇ છે કે એ સઘળું જુઠું છે અને તે ફકત કપટ ખાતર તું બોલેલો છે. આપણું ઘર એક પોહોંચખાણું ! થુ! થુ! નાચ, રંગરાગ, અને ઉજાણી ! મને જો એવું કાંઇ જણાય તો તેની ખબર લેવામાં શું બાકી રાખુંચ તેનો તમાસો તને સારી રવેશે દેખાડું. નાચરંગ તો નહી, પણ તેને બદલે મારાં રડવાના અને તાસવીસના પોકારો તો તેં સાંભળ્યા હશે ! ઉજાણી તો માત્ર દવા દારૂની ચાલતી હતી. અરે પણ, મુવા, એવાં નજીવાં બહાણા હેઠળ તું તો મને એકલી મરતી મુકી ગયોની? તુંએ તો મનમાં મારાં મરવાની વાર જોઇ હતી, પણ શોક ખોદાના કે હું તો તને ખાઉં, કરડું તેવી સાજી થઇ છું. તું દુખી થયોચ, તે કાંઇ બીજાં કારણ સર નહી, પણ મને પાછી સારી પેઠે જોઇને તારી એવી હાલત થઇ છે.'

'મારી પ્યારી,' ચીતારો બોલ્યો, 'આપણા સઘળા સંતો (સાધુઓ)નાં નામથી તને આગ્રહ કરૂં છું કે એ રવેશે મને સંતાપ ના; દીવસે તેમજ રાતે મારાથી તે ખમાતું નથી. મેં જે કાંઇ

કહયું છે તે ખરૂં જ છે; કારણ કે ગઇ રાતે સંધ-ળાં જીન પરીના ટોળાં અહીં ઉજાણી કરવા ઉતરી પડયાં હતાં. આ જગાને તેઓએ પોતા-નાં જાદુઇ બળથી જીનેસ્તાન કરી મુકયું હતું. મારી પ્યારી, મારૂં કહયું માન કે આપણે આ ઘર છોડી કોઇ બીજે ઠેકાણે થોડા દહાડા રહેવા જઇએ.'

'અરે હા માસાજી,' પેલી છોકરી બોલી, 'આખી રાત હું પણ ભુટચાળાથી હેરાણ થઇ હતી. મારાં આખાં દીલે જીન પરીને ડાકેણોએ ચોંટયા તોડી તોડીને બધી ચામડી પર બ્લુ અને કાળાં દીબાં ઉહાડયાં છે.'

'શું કહોચ, ભત્રીજી,' માસી ગભરાતના ઢોંગ કરતાં બોલ્યાં, 'તમે મને આગમચથી કા નહી કહયું?'

કારણ, હું એવું સમજી કે તમે મારૂં માનશો નહી, માસીજી, અને વળી ઘરની સાખ પડે તેનો મને મોટો વિચાર પડયો હતો.'

'ત્યારે તો મને એવું લાગેચ,' જીલોસો બોલ્યો, 'કે આ બાબદ ઉપર વધારે બોલવું નહી. તમે બધાં સહી સલામત છો એજ ગનીમત છે, નહી તો કોઈનાં દીલમાં બીલમાં ભુટ, ડાકેણ

ભરાતે તો કેવી આપદા પડતે. હવે તો એટલુ કરવું જોઇએ કે આ ઘરને પાક પાણીથી ધોવાડીને કીયા કરી ઇન્સાવવું જોઇએ.'

પેલી મક્કરબાજ સ્ત્રીએ તેના કહેવા પ્રમાણે કરવાની ખુશી જણાવી, અને એ રવેશે સમાધાની થઇ, જ્યારબાદ જીલોસો પોતાને ઘર ગયો અને ચીતારો પોતાનાં કામ ઉપર ગયો. તેમના જવા પછી તેણી એકદમ ખરખર હસી પડી અને પોતામાં મક્કરના ઊતમ પરીણામબાબે અતીશય મલકાઇ. તેણીની ખાતરી થઇ કે પોતાના ધણીનાં ભોળાપણાંમાં લાભ લઇ તેને છેતરવામાં પોતાની યુકતીની બરાબર પોતાની બાજી બે બેહેનોની હીકમત આવી શકશે નહી, અને કે ઠરાવેલી વીતીનું ઇનામ તેણીને જરૂરજ મળશે.

હવે આખરે જીલોસોની બૈરીની વારી આવી. તેણી પોતાના ધણીની મુર્ખાઇ ભરેલી અદેખાઇને લીધે ઘણી આપદા અને દુખ વેઠતી હતી, અને ચાળાકીમાં પોતાની બેહેન કરતાં કાંઇ ઉતરતી ન હતી તેથી ખુશાલ અને હીમત ભરેલી ઉલટ સાથ પોતે ખમેલાં સંકટનો કીણો લેવા તતપર બની. અને તેમાં પોતાની બેહેનો ઉપર સરસાઇ મેળવવાની તેણીએ પુર આશા રાખી.

તેણીનાં સારાં નશીબે તેણીનો ભાઇ એક મન્ક (સાધુ) હતો અને તે તાકણુા ઉપર ગોઆ ખાતે આવી પુગો હતો. તે વળી ત્યાંનાં એક મન્કનો વડો પાદરી હતો કે જે વાતની જીઓસાન ખબર ન હતી તેને તેની બેહેન તરફથી વારંવાર પત્ર મલતા હતા જેમાં તેણી પોતાના ભરથારની દુખદાયક અને વેહેમી સ્વભાવની ફરીયાદ લખતી હતી. ઘણી વેળા જુદા છેડા મેલવવાને તેણીએ આગ્રહ કરયો હતો; અને તે મેલવવાને પગલુંબી ભરયું હતે, પણ તેમ કરતાં તેણીનાં કુટુંબ અને તેમજ દેવલને ખરાબ લાગે તેથી તેણી પોતાની મતલબ અમલમાં લાવતાં અટકતી હતી.

તે ભલા ખવાસના મન્કને તેણીની હાલત ઉપર દયા આવતી હતી તેથી તેણે કાચા કાનના જીઓસોની સુદ્ધ ઠેકાણે લાવવા માટેની યુકતીમાં પોતાની મદદ આપવાને કબુલ કીધું, કારણ કે તેણે જોયું હતું કે તેને પોતાનો સ્વભાવ બદલવાને વાસ્તે જેટલું સમજાવ્યું એટલું ફોકટ ગયું હતું. વળી તેનાથી પોતાની પ્યારી બેહેન ઉપર પડતી જફા જોઇ શકાતી ન હતી, અને જ્યારે તે તેણીને મલવા જતો ત્યારે તેણી તેના આગળ પોતાનાં દુખના રોદરા કરવાને ચુકતી ન હતી,

જેથી એક દહાડો ઘણાંજ ગમગીન જીગર સાથ દેવળ તરફ પાછો ફરતાં તેણે પોતાની સાથવાળા બીજા પાદરીઓની એક સભા બોલાવી અને તેમની આગળ પોતાના બનેવીની નીરદય ચાલની તમામ હકીકત રજુ કરી, જે સાંભળી સઘળા પાદરીઓને કચવાટ ઉતપન થયો; અને તેઓએ એક મતે ઠરાવ્યું કે એક કરડા, નીરદય, અને પાજી ધણીને સુધારવા જેવાં નેક કામ માટે કોઇબી સખ્ત ઇલાજ લેવામાં ખોટુ જેવું કાંઇ નથી. એ રવેસે પોતાના સો-થીઆઓની મંજુરીઆત મલ્યાથી તે પાદરીએ પોતાની બેહેન ઉપર એક પાળો મોકલ્યો, જેમાં એવી ખુબી હતી કે તે લીધાથી કોઇબી શખસ કલાકોના કલાક ભર ઉંધમાં પડી રહી શકે.

તે પાળો પેલી સ્ત્રીએ મોટી ખુશીથી લીધો, અને રાતનાં જમતી વેળાએ તેણીના દારૂમાં બેલી દીધો. તે દારૂ પીધાથી તેણીનો વર ખુ-રશી ઉપરજ ઉંઘાઇ ગયો. તરતજ તેને ઉંચ-કીને બીછાણું સુવાડ્યો. તેની એ રવેશની હાલતની ખબર પેલી સ્ત્રીએ પોતાના ભાઇને લખી જણાવી એટલે તે સેતા ા કરતો પોતાની સાથ બે પાદ ઓને લઇને ત્યાં આવ્યો.

તેના ઓરડામાં જતાં તે ધરમગુરૂએ પોતાના એક પાદરીને કાંઇ ઇસારત કીધી એટલે તેણે પોતાના ખીસામાંથી અસ્ત્રો અને કાતર કાઢી તેનાં માથાપરના સઘળા વાળ બોરી નાખ્યા તથા દાઢી ઉપરના કાતરીને તેનો દેખાવ પાદરીના જેવો કરી મુકયો જેથી તેનાં રૂપ ઉપરથી તેનાં ઓળખીતાંઓને તે કોઇ અજાણ્યા જેવો જણાયો. પાદરીઓનો પોશાક પેહેરાવ્યા પછી તેઓએ તેને પગ અને મુડાં આગળથી ઉંચકયો અને તઇયાર રાખેલાં ગાડાંની અંદર ધાંસ ઊપર સુવાડયો.

ગાડું દેવલ આગળ ઉભું રહયું, અને જીલોસોને પસ્તાવો કરવા માટેની એક ઓરડીમાં લઈ જઇ એક કઠણ પાટીઆંના કોચ ઉપર મુકયો અને તેના નવા ધંધાની પવિત્ર નીશાણીઓ તેના પાસે મુકી. વળી પાળાની અસર ઉતરયા પછી તે જાગી ઉઠે ત્યારે તે ઓચીંતો ગભરાય નહી એટલા માટે તેની ઓરડીમાં એક દીવો પણ મુકયો.

મધ્યારાતને સુમારે પાળાની અસર ઉતરી ગઇ જયારે તેને પોતાની નજદીકમાં બંદગીની ચેતવણી માટે દેવલના ઘંટો વાગતા સંભળાયા.

એક પાદરી હાથમાં મેત્રેકા લઇ ઉંધાયલાઓને જગાડવા તેમની ઓરડીનાં બારણા ઠોકતો રાએતા પ્રમાણે રાઉન્દ લેતો હતો. મેત્રેકા એક ચોરસ હથીયાર છે. તેને માથે લોખંડના મોટા ખીલા જડેલા હોય છે કે જે બારણા સાથ અફાળતાં મોટો ગોંધાટ કરી મુકે છે.

જીલોસોના કાન ઉપર અવાજ પડતાં તે ગભરાઇને ચોંકી ઉઠયો, અને પોતાને પોતાની સ્ત્રીની પાસ સમજી બોલ્યો, 'અરે ખોદા આ શું! આખું ઘર ધરતી કંપના આચકાથી કેવું ધુજી રહયું છે! કેમ કયામત આવી લાગી કે શું? યા પવનના ફુકારા કરતું સેતાનનુ લશકર તો નથી આવી પુગું? એટલું બોલી તેણે પોતાની બૈરી તરફ ફેર મંડી, પણ તેણી તાંહાં હોય કયાંથી? તેણીએ કાંઈ જવાબ દીધો નહી જેથી તે એવું સમજ્યો કે તેણી તેને સુતેલો મુકી કેઠે ચાલી ગઇ. 'શું! આવી મધ્યરાતના વખતે પોતાનું બીછાનું છોડી બહાર ગઇ? રે નાપાક ચુડળ! જ્યાં છે ત્યાં કોઇને કાંતરયાં ને રસ્તે અંદર લીધેલો લાગેચ. પણ સબર, ઉતાવળાનું કામ નથી, હું આસ્તે રહી તેણીને ઓટલામાંથી પકડી રોરતું તો જીલોસો ખરો!

તે નાપાક ઉપર મારો કીણો લીધા વગર તેણીને છોડું નહી. લાવ લો મારી તરવાર અને કપડાં, મારી આબરૂને ઘણું હીણું લાગુંચ.'

તેણે પોતાનાં કપડાં માટે ફાંફાં મારયાં; અને પેલો બાદરીનો પોશાક પેહેલો હાથ લાગો. પોતાને એક ચોરસ ઓરડીમાં જોઇ તે તો વીચારમાંજ પડયો. "અરે મને અહીં કોણ લાવ્યું હશે !' અને બારણું ઉઘાડવા જતાં માણસનાં માથાંની ખોપડી તેનાં માથાં ઉપર જોરથી પડી જેથી તેને એટલું વાગ્યું કે તેની સુરતી ઊડી ગઇ અને તે હોશમાં આવ્યો. ફક્ત બારાંએ જણાયાથી પોતે કીયે રસ્તે ઓરડીમાં દાખલ થયો હતો, બાહાર કાંહાંથી નીકળવું, અને તે ઓરડી કાંહાં આવેલી હતી તે બાએ તલાશ કરવા લાગો. હાથમાં મીણબતી લીધી, આજુબાજુ ફરયો એટલે તેની ખાતરી થઇ કે તે હેવલમાંની કોઇ સુવાની ઓરડીમાં હતો. પોતાની તપાસ આગળ ચલાવતો હતો એટલામાં તેનાં માથાં ઉપર એક બીજું ડોકું પડયું જેથી તેના માથાંને ઇજા થઇ. માથું દાબતો તે બોલ્યો, 'રે ખોદા ! આ બધાંની શી મતલબ !' શું હું સાતના જમ્યા પછી મારા પોતાના ઓરડામાં જઈ સુતો નહી હતો કે

અને આ પોષાક ક્યાંથી આવ્યો? પાદરીનાં કપડાં! હવે મારૂં શું થશે? અરે આ ઇસ્પીતાલ છે યા દેવલ છે કે કોઇ દીવાનાશાળા છે? પણ એમ કાં નહી બને કે ધણી આતસને લીધે હું દેવાનો થયો હોઊં, અને મારાં સગાં વહાલાંઓએ મને આ દેવાનાશાળામાં નખાવ્યો હોય! આ ઓરડો કેટલી નાની છે અને એનુ નાનું કદ કહી આપે છે કે મને કોઇએ જેલમાં નખાવેલો છે. હા, હવે હું સમજ્યો કે જાણે ગઇ કાલેજ હું મારી આબરૂ વીશે જે તે બકારો ચલાવતો હતો જ્યારે ખરી બીના તો આ છે કે આજ ત્રણ વરશ થયાં હું આ દેવાનાશાળામાં દાકતરની સારવાર હેઠળ છું. વળી આહીં એટલો લાંબો વખત થયો છતાં મને હાલ એવું લાગેછ કે હું ગઇ સાંજરે મારી બૈરી સાથ જમી સકારે સુવા ગયો હતો, એજ વીચાર મને ઘેલો કરાવવાને પુરતો છે. પણ સબર આ તો એક જાણીની વાત છે કે જેઓ દેવાના અને લુચ્ચા પુરવાર થયલા હોય છે તેમનાં માથાં બોડી નખાવેલાં હોય છે, અને તેમ જો હોય તો મારૂં માથું પણ છોલેલું હોવું જોઇએ. એટલું કહેતાં તેણે પોતાનાં માથાં ઊપર હાથ ફેરવ્યો જ્યારે તેને માલુમ પડ્યું કે તે તદન બો-

ડી નાખેલું હતું પણ તેને ફરક એટલો લાગો કે તેણે ટોપી પેહેરેલી હતી, જે ઉપર અદેખો મુર્ખો કરી લખેલું હતું.

એ રવેશના તે વીચારમાં હતો ત્યારે એક પાદરી તેની ઓરડીમાં દાખલ થયો અને બોલ્યો, 'કેમ ભાઈ, તમે આજે પાછળી રાતની બંદગી-માં સામીલ થવાનો ઇરાદો રાખતા નથી કે શું? બંદગીનો વખત થયો અને તમે તો હજી કપડાં પણ પેહરયા નથી, એમ કેમ, ભાઇ?'

એ સખુન સાંભળી જીલોસોની ધીરજ રહી નહી, તેથી તેણે જવાબ દીધો કે, 'એઇ, તું એ શું બકેચ, એટલું બધું તું કોણને કહેવા માંગેચ? મને પાછળી રાતની બંદગી સાથ શું કામ છે? કેમ તું પણ આ દેવાનાશાળામાંનો દેવાનો છે કે? જો દેવાનો ન હોય તો મેહેરબાની કરી અહીંના દાક્તરને તેડી લાવ, નહી તો તેને ખબર કર કે હું હવે સારો થયો છું, વાસ્તે મને અહીંથી બ-હાર જવાની રજા આપે; પણ તું મારો સદેશો પોંહોંચાડે કાંહાંથી તુંબી મારા જેવો દેવાનો લાગેચ.

'ખચીત,' પાદરીએ જવાબ દીધો, 'આજે તમે બહુ લેહેરમાં દીસોચ; પણ આ મશકેરી

કરવાનો વખત નથી. ચાલો જલદી કરો બંદગી શહરૂ થઈ ચુકી છે. આ રવેશાની સખ્ત થંડી પડે છે અને હજી તમે કપડાં પેહેરયા વગર ઉભા છો. બંદગી માટેનો ઘંટ ક્યારનો વાગ્યો છે અને તમારી આવી ગફલતીથી વડા પાદરી સાહેબ તમારા ઉપર ઘણા ગુસ્સે થશે.'

એટલું કહીને તે પાદરી ત્યાંથી જતો રહયો, અને જીલોસો તરેહવાર વીચારના વમલમાં પડયો. તેનાં દીલમાં ફકર અને ગભરાતે પોતાનું ઘર કીધું અને તેમની અસર એટલી મજબુત હતી કે તેનું પુરતું બ્યાન કરવું અશકય છે.

'શું હું એક મન્ક (પાકરી) છું ?' તે ગભરાતની અંદર મોટેથી બરાડી ઉઠયો, 'અને મારૂં નામ બોલેદો પાકરી છે ? તે નીચ મને એ શું કહી ગયો ? તેણે એવું કહેવાની તાકાદ કેમ ચલાવી? હું દેવલનું કામ કરવા જાઉં ? છી, છી! થોડાક કલાકની વાત ઉપર હું પોતાને પોતાના ઘરમાં બાજીાણે સુવા ગયલો સમજતો હતો તે પાદરી ક્યાંથી થઇ ગયો! નહી, નહી, એમ હોય નહી, હું બરાબર જાગતો થાઉં તો સારૂં; કારણ, આ વાતમાં કાંઈ અચરતી તેમજ ઘેલાપણું સમાયલું લાગે છે, કે જેના વીશે હું

કાંઇ ખોલાસો કરી શકતો નથી.'

એ રવેશે ગભરાતમાં પડેલો અને ઉશકેરાયલો, તે ભારી વીચારમાં પડયો, જ્યારે બહાર ફુંકતા જોશ પવનના સોસવાટા તેની ઓરડીમાં પણ લાગતા હતા, જેથી તેને કપડાં પેહેરવાનો વીચાર આવ્યો, પણ પેલા પાદરીઓ પેહેરે તેવા પોષાકને હાથ લગાડવાને તેને મોટો ધીક્કાર લાગો.

થોડીક વારે એક બીજો પાદરી ત્યાં આવ્યો, અને બોલ્યો, 'મારા ભલા ઓલેદો, આ સઘળાંની શો મતલબ? તમે બંદગી વખતે સામીલ થયા તેથી ત્રીકાર (વડા પાદરી) સાહેબે તમને હાજર નહી જોઇને જાણવા માંગ્યું છે કે તમારી ગેરહાજરીનું કારણ શું છે. બંદગી તો હવે લગભગ પુરી થવા આવા છે; પણ યાદ રાખજો કે આવતું આખું અઠવાડયું તમારે બંદગીમાં આગેવાની લેવી પડશે.'

'રે સઘળા ફરેશ્તાઓ,' અચરત થયલો ઓલેદો પાદરી બોલ્યો, 'મારી ઉપર નેગેહબાની રાખજો, કારણ, હું ધારૂં છુ કે હું બીજો કોઇજ નહી પણ ખચીત ઓલેદો પાદરી હોવો જોઇએ. પણ તે કેઇ રીતે? મને પાદરી કયારે બનાવ્યો, અને હુ કોણ અને મારૂં કામ શું! ખોદા મને

જનાહમાં રાખજો; શું આ ઓરડીમાં દેવાના તેમજ મુર્ખાઓને રાખવામાં આવતા નથી ! બાઇ, મેહેરબાની કરી મને કહેશો કે મારાં ઘરબાર, બૈરી, કપડાં, બાલ, અને મારી દાઢી વગેરેનું શું થયું ?'

'અરે આ કેવી ચાલ ?' પાદરીએ પુછ્યું, 'શું આવો કઢંગો જવાબ લઇને હું વીકાર સાહેબ આગળ જાઉં કે ? તમારા વીશે ગેપતર બુકમાં ફરીયાદ નોંધાશે, ખાતરી રાખજો. ખચીત ગઇ રાત્રે તમે કઢંગી ચાલ ચલાવી છે, તમે દારૂ પીધો હતો, પવીત્ર પાદરી સાહેબ, પણ હવે ચાલો અને જુવો કે કપડાં પેહેરવાની પણ તમારામાં શકતી છે ? અને જો એમજ હોય કે દારૂ ઉતરયો નહી હોવ તો લાવો હું તમને કપડાં પેહેરાઉં.'

એટલુ કહી તેણે જીલોસોની ગરદન ઉપર જભો નાખ્યો, પણ જ્યારે તે સરખો પેહેરાવતો હતો ત્યારે જીલોસોને એવું લાગું કે તે તેને ગુંગળાવી મારી નાખવા માગે છે, જેથી તે તેના હાથમાંથી તરત છુટો થયો અને એક જોરથી મુક્કી લગાવી તેને જમીન ઉપર નાખી દીધો; અને સઘળા દેવ દેવસ્થાન, જાદુગરો, તથા ભુટ પલીતને મોટે મોટે ચોપરતો તથા શ્રાપ દેતો વે

ઓરડામાંથી બહાર નીકળ્યો અને જાણે તેની પુંઠે ભુટ પલીદનું લશકર તેને હેરાણ કરવા માગતું હોય તેમ ગેલરી ઉપર દેવાનાની માફક આણીગમ પેલીગમ દોડવા લાગો. તેના આ દેખાવથી જે સઘળા પાદરીઓ બીજી ગેલરી ઊપરથી બરાઇને જોતા હતા તેમને બહુ ગમુજ મળતી હતી. તેઓ માંહેલા કેટલાક તો એટલા મોટેથી હસતા હતા કે તેમનું કાવતરું ઉંધાકું પડતાં જરામાં બચી ગયું. તરત તેઓએ પોતાનું હસવાનું જેમ તેમ કરી દાબી દીધું અને અકેકની પછવાડે બબેની હારમાં હાથમાં બળતી મીણબતી પકડી ગેલેરી ઉપર જાણે તેઓ બંદગીમાંથી ફારેગ થઈ આવ્યા હોય તેમ તેની સાંમે આવી મળ્યા.

'કેમ બોલેદો,' વડો પાદરી તેની સામે આવી બોલ્યો, 'દેવલનો પાદરી થઇને એવી રીતે દેવલના વડા પાદરીના હુકુમનો અનાદર કરાય કે? તમે પવીત્ર પાદરી કહેવાઇનો બીજા પાદરી ઉપર ખુની હાથ કેમ ઉઠાવ્યો? શું તેમ કરતાં તમને લાજ નહી લાગી? આજે મોટી કીયા ચાલતી હતી તેમાં તમે સામીલ નહી થઇને તમારી ફરજ બજાવવાની તમે ગફલતી કીધી, એટલુંજ નહીં પણ તેવા પવીત્ર ઠીંગામે તમે

ખુની કરપીન કામ કરવામાં વખત કાઢયો. એ રીતે તમારા ગુનાહોમાં તમે વધારો કીધો છે, વાસ્તે હવે ન્યાત બહાર જવાની તઇયારી પણ કરો. ચાલો જલદીથી ધુંટણીએ પડો, અને આજ પળે નમનતાઇ દેખાડો કે તમારા હક્કમાં ફાયદો થાય એવું કરવામાં અમારાથી બનશે એટલું કરશું.'

'હું નમું! છી છી!' જીલોસો બોલ્યો, 'શા માટે હું નમું? તમે કોણ છો તેની મને અચરતી લાગે છે. નીકળો મારા રસ્તેથી દુર થાઓ, નાપાક જાદુગરો. તમે મારૂં રૂપ બદલી નાખ્યુ છે છતાં હું સારી પેઠે તમને ઓળખી શકું છું, અને તુચ્છકારૂં છું. આ ક્રાસની નીશાણુ પર હાથ મુકી કહૂં છું કે મુજ જેવા એક ખ્રીસ્તી ઉપર તમો જાદુગરોની કાંઇ અસર ચાલનાર નથી.'

તેના એ સખુનથી પેલો વડો પાદરી ચીરડાઇ ગયો. તેણે ડોળા કકરાવ્યા અને એવો જોરથી જમીન ઉપર પગ અફળ્યો કે પેલો નવો પાદરી જીલોસો તો ડંગજ થઇ ઊભો. 'તું હવે જોશે કે એવી નાફરમાન ચાલથી કોણની ખરાબી થાય છે, અને કોણ પેહેલે તોબા બોલેચ. કેમ તું કાંઇ દેવાનો બન્યોચ કે શું?'

જીલોસે ધાસ્તી ખાઇ જલદીથી વડા પાદરી-ની આગળ કુનસ બજા લાગ્યો, અને બોલ્યો, 'નહી, સાહેબ, મારા ઉપર દયા કરો. હું ઘણો પસ્તાઉં છું, અને ઘણોજ કંટાળી ગયો છું, એ વીશે હું ખાતરીથી કહું છું.'

'પણ હવે પછી તમે સુધરશો કે?' વડાએ પુછ્યું, 'અને અમને તાબે રહેવાને શીખશો કે?'

'હું તાબે રહીશ—કારણ હું મારાં અંતઃક-રણથી પસ્તાઉં છું, પણ શા માટે માફ માગું છું તેની મને કાંઇ ખબર નથી'

'વાહ!' વડો બોલ્યો, 'એતો નવી તરેહનો પસ્તાવો! પણ ફકર નહી, એ કરતાં વધારે ખ-રાબ નાફરમાન શખસોને અમે રાહ ઉપર લાવે લા છીએ, સમજ્યો.'

એટલું કહેતાં તેણે પોતાના હાથ માંહેલી ડાંગ ઉઠાવી અને તે વડે હેઠળ પડેલા જીલોસોનાં ખભાંની ઉપરાસાપરી ખબર લીધી.

'અરે બસ, મેહેરબાન પવીત્ર બાપ,' જીલો-સો બોલ્યો, 'બસ કરો. મારાં હાડકાનો ચુરો થાય ચ વાસ્તે માફ કરો. હું પોતાને એક મોટા પાપી તરીકે ખુલ્લી રીતે જાહેર કરૂં છું. હવે પછી હું મારી ચાલ એવી રવેશે ચલાવશ કે તમને

એક બોલ તેની વીરૂધ બોલવો પડશે નહી, વાસ્તે બસ કરો, મારાથી માર ખમાતો નથી.'

'પણ તું એક સાધુ છે એ વાતનો ઇનકાર કરેચ કે! તું શું જાણતો નથી કે એક બેહદીન અઝીમ ગુનાહ કરે તેના કરતાં એક પાદરીનો નાનો ગુનાહ માફ નહી થઇ શકે એવો હોય છે?'

'હા સાહેબ, હું તે સમજું છું, અને કબુલ કરૂં છું કે હું એક પાદરી છું અને મોટો ગુનેહગાર થયો છું.'

'કયા વર્ગનો પાદરી?'

કયા વર્ગનો!' જીસોસે ગભરાઇને બોલ્યો. 'તે તો કોણ જાણે, પણ તમે જે કહો તે વર્ગનો.'

'અને તું, બોલેદો પાદરી, કબુલાત આપેચ કે હવે પછી તારી ચાલ લોકોને પસંદ પડતી રાખશે, અને તારાં કામમાં તું ભુલ નહી કરશે?'

'હા હું બોલેદો યા કોઇબી પાદરી, જે તમે કહો તે થવાને તઇયાર છુ"

'ચાલ ઉઠ, ત્યારે, અને પેલા બુઝરગ પાદરીના પગને બોસો લે અને તને સુધારવા માટે સઘળા પાદરીઓનો ઉપકાર માન.'

'તમે જ્યાં કહેશો ત્યાં બોસો લઇશ; પણ મેહેરબાની કરી વધારે ફટકા મારો ના, મારે

બરડો ચચડી આવ્યો છે.'

આ નમનતાઇના અજાયબ જેવા દાખલાથી સઘળા પાદરીઓ પોતપોતામાં ખીખા કરવા પડયા. તેમને હસતા જોઇ વડો પાદરી બોલ્યો, 'મારા ભાઇ બંધો, એક પાદરીની મુર્ખાઇ અંદર તમને હસવા જેવું શું જણાય છે? હસવાને બદલે તમને રડવું જોઇએ કે એક પાદરી જે આજ ૧૫ વરશ થયાં કેવો ગ્રહસ્થ અને પવીત્ર તરીકે જણાયલો હતો તે આજ આવી કઢંગી હાલતે પુગો છે, વાસ્તે તમારે હસવાને બદલે દલગીર થવું જોઈએ.'

'પંદર વરશ!' જીલોસોએ વીચાર કીધો, 'પંદર વરશ! કેવી અજાયબી! પાદરી જો કે હું; પણ તે હું કેમ, કયારે, અને કાંહાં બન્યો તેનો તો સેતાનને હવાલો.'

'ચાલો ઉઠો, અને હવે અમારી પુઠે આવો.'

જીલોસો તરત ઉઠયો અને વડા પાદરીની પુઠે ગયો.

ધરમનું ગાયન ચાલતી વખતે વડી જગા તેને મલી હતી. તેનું કામ તેને ખબર ન હતું તો પણ જેમ તેમ કરી લોકોનું મન મનાવા તેણે મુખ્ય ભાગ બજાવ્યા; પણ તેણે પોતાની ફરજ

બજાવવામાં જાણી જોઇને કસુર કીધી એવુ તેના ઉપર તોહોમત આવ્યું અને તેટલા માટે તેને વડા પાદરીએ ૮ દહાડા એક બંદીખાણામાં પુરી મુકવાની ટેપ મારી; તથા તેણે તેને માટે એવો હુકમ કાઢયો કે તેને ચાવલ અને પાણી શીવાએ બીજું કાંઇ આપવામાં આવે નહી, તથા પસ્તાવા તરીકે દર રોજ દહાડામાં બે વખત તેના પગના તળીયાં ઉપર ચાબુકના ફટકા મારે.

આ તેનો હુકુમ બોલેબોલ પાળવામાં આવ્યો, અને ત્યાર પછી એક જોગીની સાથ તેને દેવલના લાભ માટે ભીખ માંગવા મોકલવામાં આવ્યો. આ કામ તેને અઠવાડયામાં એક વખત દર સનવારે કરવાનું હતું. આ રવેશની સખત ખબર લેવાયાથી તે એટલો તો જેર થઈ ગયો કે પોતાના વડાના હુકુમ મુજબ પીઠે ઝોલી લગાવી ધરમનું ગીત ગાતો તે બહાર જતો, અને તે એટલે સુધી કે પોતાના મોહોલ્લામાં પણ ભીખ માંગવાને તે અચકાતો ન હતો. પોતાનું ઘર જોઇ તે એક વળા બડબડયો, 'રે નેક ખોદા! શું હું મારી બૈરીનો ધણી નથી? એ વીશે કાંઈ શક નથી તો પણ મારે તે વાત માનવી જોઇએ નહી, કારણ, તેમ જો હોતે તો આ મારૂં તાબ-

હું બોરકું ક્યાંથી અને આ પાદરીઓને પોષા દીસે ક્યાંથી આવતે. અરે જુવો, પેલી મારક વહાલી બૈરી ઉભી છે;' અને પોતાના સોબતીથી એકાએક છુટો થઇને તે ઘરમાં દોડી ગયો, અને તેંણી બારણા આગળ મળતાં તે તેણીને વળગી પડયો અને બોલ્યો, 'અરે મારી પ્યારી, માર સાથ કેવી ઘાટકી ચાલ ચલાવ્વામાં આવે છી એ વાત જો તમે જાણો તો તમે કેવાં દલગીર બનો. એવી ચાલ ફકત તમો તરફની મારી ગેર વાજબી અને નાલાયક ચાલને લીધે મારી સાથ શીક્ષા તરીકે ચલાવવામાં આવી છે અને હું કહું છું કે તે બરહક અને વાજબી છે. અફસોસ! મને મ.રી મરજી વીરૂધ પાદરી "બ" નાખ્યો છે, અને તે ક્યારે અને શા માટે તે હુ પોતે જાણતો નથી. પણ હવે તો તેઓએ કોઇ બીજા બીખ એકઠી કરનારને શોધી લેવો, પણ એક પરણેલા ગ્રહસ્થનાં સુખશાંતીમાં ખલલ કરવી નહી.'

'અરે આ કેવી નફતાઇ!' તેની બૈરી બોલી, 'મદદ, મદદ, કોઇ આવો રે! આ હેવાન્યત ખસલતનો પાદરી કેવી ગેરસલુકાઇ ચલાવેચ; અરે કોઇ એને બહાર કાઢો રે!'

તેણીનો પોકાર સાંભળતાં પેલો બહાર ઉભેલો પાદરી અને બીજા પડોશીઓ ઘરમાં દોડી ગયાં. પેહેલા દેખાવે જીલોસોને તેઓ ઓળખી શકયા નહી તેથી તેઓ તેને મારતા મારતા બહાર લઇ ગયા. તેઓ તેને મજબુટ ઠોકતે પણ પેલા પાદરીએ તેમને સમજાવ્યા કે તે બીચારો ઇસ્પીતાલમાંથી તરતનો બહાર નીકળેલો દેવાનો હતો અને કે જે ઓરતને તે જોતો હતો તે સઘળાંને પોતાની બૈરી સમજતો હતો. અમો લોકો એમ સમજ્યા કે એ તદન સુધરયો હતો, અને તેટલાજ ઉપરથી તેને ધર્મદાન એકઠું કરવા એને હું મારી સાથ લઇ આવ્યો છું. પણ એની આ ખરાબ વર્તણુક માટે એને પુરતી શીક્ષા મલશે. ચાલો, ઓલેદ્દા પાદરી, ચાલો.'

એ ઉપરથી જ્યારે તે દેવલમાં પાછો ગયો ત્યારે તેને ભારી સજા કરવામાં આવી, અને તેનાં માથાં ને દાઢીના બાળ મોટા થયા ત્યાં સુધી તેને એક ઓરડીમાં પુરી મુકવામાં આવ્યો કે જયાં તેને તેટલા દહાડા સુધી પાઉં અને પાણી ઊપર રહેવું પડયું હતું. આવી હાલતે પુગા પછી થોડેક દહાડે તે પોતાની ઓરડીમાં એક વખત બેસીને પોતાની બદલાયલી હાલત ઉપર વીલાપ

કરતો હતો ત્યારે એકાએક તેના કાન ઉપર હેઠળ મુજબ અવાજ સંભળાયો :—

'સીનોર જીલોસો, તું આજ સુધી એક ધણીજ ખાટકી અને દાજખી માલુમ પડયો છે. તારી નીરદોષ સ્ત્રી ઉપર તું હમેશ વેહેમ લઇજતો હતો. એટલુજ નહી પણ એક વખત તેના ઉપર તુંએ ખોટું તોહમત મુકયું હતું. હવે તમે જુઓાય કે ખોદાએ તમને તમારી માડી ચાલ અને તમારી ખોટી હસરા સરખી અદેખાઇ માટે લાયક શીક્ષા કરી છે. વાસ્તે, હવે પછી ચેતવણી લે કે જો હવે ફરીથી તારી બૈરીને મલવાની તને રજા મલે તો ખુબ સંભાળજે અને તેણીના એક બાળને પણ ઇજા થાય નહી તેની ચોકાશી રાખજે. તારા મન ઉપર ખુબ રવેશે ચીંતા રાખજે કે હવે પછી જો તેણીને જરા પણ દલગીર કીધીય તો આ કરતાં બેવડી શજા તારા ઉપર ઉતરશે.'

એવો અવાજ ત્રણ મરતબે નીકળ્યો જેથી સીનોર જીલોસો ઉપર એટલી તો અસર થઇ કે પોતાના હાથ જોડી તે ઘુંટણીએ પડયો અને ધ્રુજતે અવાજે તે પોકારી ઉઠયો કે 'રે ખુશ ખબર આપનાર નેક ફરેસતા, ફકત મને આ ભયંકાર બંદીખાણામાંથી બહાર કાઢવામાં સહાય થા અને પછી જો કે તારી તમામ મરજી માફક

હું કેવો ચાલુંચ ! મારી બૈરી તરફ હવે પછી હું એવો રહેવશ કે બીજા ભરથારો માટે નકાબ્યત આરસી થઇ પડશ. તેણીની સામે એક સખુન હું ઓચરશ નહી; વાસ્તે મને અતરેથી બહાર કાઢ એટલે હું સદાનો તારો હેશાનમંદ રહીશ.'

તેણે આ કબુલાત આપવાનું ખતમ કીધુ એટલામાં ઓરડીનું બારણું ઉઘડયું અને એક શખસ હાથમાં ગરમ ભોજન અને શરાબનો શીસો લઇ માંહે દાખલ થયો. તેની હાલત બદલાઇ તે દીવસથી તે ફકત પાઉ અને પાણી ઊપર રહયો હતો, અને કોઇ દહાડો સારૂં ભોજન પામ્યો ન હતો. જમન મુકી તે શખસ બોલ્યો કે ભોજન અને દારૂ લાવવામાં તેણે પોતાને માથે જોખમ ખેંચી લીધો હતો, જે ફકટ દયા ખાતર તેણે કીધું હતું. શરાબની સાથ બેભાન કરનાર પાળાનો રસ મેલેલો હતો તેથી તે પીધા પછી તરત તેની અસર જણાઇ. અલબતાં તે ભર ઊંઘમાં પડયો અને તેના માથાં તથા દાઢીના બાળ વધેલા હતા તેથી તેને પોતાનાં ઘરમાં પાછો લઇ જઇ બીછાણે સુવાડયો, અને આગળ જે પોષાક તેણે પેહેરેલો હતો તેજ તેને પાછો પેહેરાવ્યો. તે રાતે

તે સારીપેઠે ઉંઘાયો, અને સવારે ઘણો મોડો ઉઠયો.

પોતાની આસપાંસ જોતાં તેને અચરતી લાગી. સુંદર ઓરડો, સારૂં શોભીતું ફરનીચર યાને રાચરચીલુ, સારાં કપડાં, ઇત્યાદી; પણ તે સઘળાં કરતાં તેની લાંબો વખતની ખોવાયલી બૈરી તેની પડોસમાંજ સુતેલી હતી. પેહેલાં તો તે એવું સમજ્યો કે તેણી કોઇ ડાકેણુ હતી, પણ પોતે જાગતો છે કે નહી તે બાબે ખાતરી કીધા પછી તેને જણાયું કે તેની બૈરીજ હતી. એ સઘળો વખત તેની બૈરી તેના ચાળાથી મનમાં ગમત મેલવતી હતી તેણી કાંઇ ઉંઘાયલી ન હતી તો પણ જાણે એકાએક ચોંકી ઉઠી હોય તેમ બોલી, 'શું છે, મારા વહાલા, શાનો બકબકારો કરવા માંડયો છે?'

'પણ પેહેલાં મને જણાવો કે મને સવાલ કરનાર તમે કોણ છો,' જીશોસો બોલ્યો, 'મને પાદરી બોલથી લખલખું ચઢે છે; અને તેથી હુ તમને નમનતાઇથી પુછું છુ કે તમે કોણ છો.

'હું કોણ છું? કાં, તું તારી બૈરીને પણ ઓળખતો નથી કે? હું તારી વહાલી છું કે જેના સાથ તું ઘણી ખરાબ ચાલ ચલાવતો આવ્યો છે.'

'પણ આ દેવલમાં તું કેમ આવવા પામી? જો વડા પાદરીને ખબર પડશે તો મારી માફક તને પણ ન્યાત બહાર મુકવામાં આવશે. એટલુંજ નહી પણ સાથે લાગો વળી મારા ઉપર ફરીથી માર પડશે.'

'કેમ સ્વપનું જુવો છો કે? પાદરી કીઓ અને દેવલ કયું?'

'કાં, તમને ખબર નથી કે આજ ૧૫ વરશ થયાં હું આ દેવલનો એક પાદરી છું?'

'એ શું શું બકોચ? ઉઠો, જલદી ઉઠો, બપોર પડયા છે અને જમવાનો વખત થયો છે; નહી તો પછી રાતના જમતી વેળા ઉઠજો.'

પોતાની હાલતના વીચીત્રપણા વીશે શું સાર કાઢવો તેની તેને બરાબર ખબર ન હોવાથી તેમજ બાતબાતના વીચારોના વમલમાં પડવાથી સીનોર પોતાની લાગણીઓ ઉપર એકીન લાવી શકયો નહી, પણ તેમાં વીશેષ કરીને જ્યારે તેનો હાથ તેની લાંબી દાઢીને લાગો ત્યારે તો તે મુગોજ રહયો.

પોતાની સ્ત્રીના હુકુમ મુજબ બીછાનેથી ઊઠી તે પોતાના ઓરડામાં ગયો કે જ્યાં દેવલને લગતી તમામ નીશાણુ તેનાં મન ઉપરથી ધુમ

થઇ ગઈ. તેણે પોતાનો આગળો પોશાક પેહેરેલો હતો. અને આરસીમાં જોતાં તેણે પોતાને પોતાના આગળાં સ્વરૂપમાં દીઠો. તેને પેલી આકાશી વાણી યાદ આવી ત્યારે તે સમજવા લાગો કે તેણે દેવલ વગેરે સઘળું શ્વપનામાં દીઠું હતું, અને જ્યારે તેની બૈરીએ પણ તેને તેમજ કહયું ત્યારે તેની પુરી ખાતરી થઇ કે તે શ્વપનું ફકત તેની પોતાની બૈરી તરફની ખરાબ વર્તણુક માટે તેને ચેતવણી આપવાને આવ્યું હતું.

આ વીચાર તેના મન ઉપર સાબુત ઠસેલો રહે એવી તેણીની મતલબ હતી તેથી તેણીએ ૯ માસ ભણાવવાની માનતા લીધી. હવે જીલોસોનુ મન એટલું શાંત થયું કે તેણે પોતાની બૈરી પાસે પોતાની આગળી માઠી ચાલ માટે માફ માગી અને કબુલાત આપી કે તે પોતાની નજરે દીઠા શીવાય કોઇબી કારણસર તેણીને બદનામ કરશે નહી. સારાંશ, તેણે તેણીને પોતાની મરજી પડે ત્યાં જવાની રજા આપી, અને કહયું કે તેણીના જવાથી તે મનમાં કાંઇ પણ શક લઇ જશે નહી.

એ રવેશે કાચા કાનનો ધણી ઠેકાણે આવ્યો. પોતાની ફતેહ ઉપર જીલોસોની સ્ત્રી અતીશય

હરખાઈ તેણી ઊતાવળથી પોતાની બેહેનોને પોતાની કોશેસના ફતેહમંદ પરીણામ બાબે જણાવા દોડી. તે ત્રણે બેહેનો પેલા લખોપતીને ઘર ગઇ અને દરેક પેલી વીંતીના ઇનામ ઉપર પોતાનો હક્ક રજુ કીધો. તે ત્રણે જનીઓએ જણાવ્યું કે તેઓએ પોતાના વરનાં તમામ લોભ, છાકટપણું, અને કાચા કાન જેવી બુરી ટેવો ફતેહમંદીથી સુધારી હતી.

'સુંદર નાજનીનો,' પેલો લખોપતી બોલ્યો, 'પેલે દહાડે જે હીરાની વીંતી તમને જડી હતી અને જેથી આટલી બધી ઊશકેરણી ચાલવાની તક મલી હતી તે વીંતી મારી હતી અને તે મારા હાથે ખોવાઇ હતી. એની કીંમત ૬૦૦ રૂપ્યા છે. તમારી ત્રણેની ચાળાકી તરફ જોતાં સરસ કોણ છે તે હું બરાબર પીછાણી શકતો નથી; વાસ્તે આ થેલીમાં જે ૬૦૦ રૂપ્યાની રકમ છે તે તમારે વેહેંચી લેવી; કારણ, મારી નજરમાં તમે ત્રણે એક સરખાં નીવડયાં છો.'

પોતાને મલેલાં ઇનામથી તે ત્રણે જણીઓ સંતોષ પામી પોતાને ઘરે ગઇ. તેમની રમુજી ચાળાકીથી તેઓએ પોતાના ધણીઓને સુધાર્યા એ કાંઇ જેવી તેવી વાત નથી. જે શશક પાસે

દોલત છતાં દહાડોને રાત મેહેનત કરતો તેણે પોતાની બીકટ ચાકરી છોડી દીધી અને સારો ધંધો પકડયો. ચીતારો પોતાના જુના મસ્તીખોર છાકટાઓની સંગતથી દુર થયો, અને ઘરડા કાચા કાનના જીલોસોએ પોતાની રીતભાત તદન બદલી નાખી.

આ ત્રણે ચાળાક ઓરતોએ આખી દુન્યાને દેખાડી આપ્યું છે કે ધણી ગમે તેવા ખરાબ હોય તો પણ તેઓ હીકમતથી ઠેકાણે આવી શકે છે.

સમાપ્ત.

વારતાનાં તથા શાબોધયોગી નવાં પુસ્તકો

	રૂ.	આ.	પૈ.
હીરાની વીંટી યાને ત્રણ બેરીઓએ પોતાના ધણીનો કરેલો રકાસ.	૦	૮	૦
દીલ ખુશ	૧	૪	૦
એ તે બેરી	૧	૦	૦
પાક દામાન વાહુદન	૧	૦	૦
મોટે ગૌરુ પંખી, ભાગ ૧ લો....	૦	૮	૦
રમુજ સંગ્રહ	૦	૧૨	૦
કોલમ્બસના વૃત્તાંતમાંહેલા કઠણ શબ્દોના અર્થ.		૪	૦
ફારસી સદ હેકાયતના બોલ અને અંગ્રેજી તરજુમો		૫	૦
શોર્ટ સ્ટોરીઝ માંહેલા કઠણ શબ્દોના અર્થ	૦	૮	૦
સઘળી હાઈ સ્કુલોમાં ચાલતી જુદી જુદી અરીથમેટીક માંહેલા Simple and Compound Interest, and Discount, (with all their Parts)ના દાખલાઓનો તમામ રીત સુધાંનો મોટો સંગ્રહ.	૦	૬	
Gujarati Essays with appropriate English expressions (અંગ્રેજી સુધારવાનો ખરો રસ્તો.)	૦	૮	
ધોબીના કપડાંની ચોપડી (૬૦ પારસી વાગા લખાય એવી મજબુત બાંધણીની તથા જાડાં કાગળની સઘળી ખટરાક દુર કરે છે.)	૦	૪	

અમ ગોસાર, માસીક ચોપાન્યુ

લવાજમ વરસ ૧ ના રૂ. ૨.